Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

सर्वान् पश्यन्तु बन्धूनिव जगति जना भेदबुद्धिं विहाय
स्थाने पात्रे च कर्तुं वितरणमसकृद्वास्तु बुद्धिर्धनस्य ॥
दीने नम्रा भवन्तु प्रचुरधनवतामग्रगण्या हि शश्वद् ।
'आत्मानन्द प्रकाशं' विदधतु हृदये श्रीजिनः श्रावका[illegible] ॥

पु० २३ मुं | वीर सं. २४५१. आश्विन. आत्म सं. ३० | अंक ३ जो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ શ્રી સિદ્ધચક્ર આરાધન. | ... ૫૩ | ૬ સદાચાર અથવા સત્ક્રિયા. | ... ૭૧ |
| ૨ અભિનંદન. ... | ... ૫૪ | ૭ પ્રકીર્ણ. ... ... | ... ૭૫ |
| ૩ વિશ્વરચના પ્રબંધ. | ... ૫૫ | ૮ વર્તમાન સમાચાર–સ્વિકાર અને સમાલોચના. ... | ... ૭૬ |
| ૪ વાદી શ્રી દેવસૂરિજી... | ... ૬૧ | | |
| ૫ શ્રદ્ધા. ... ... | ... ૬૬ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## " શ્રી પૂજા સંગ્રહ. "

**ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ ) કૃત પાંચ, મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત સત્તર, તથા શ્રીમાન્ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ કૃત એક પૂજા.**

મળી કુલ ત્રેવીશ પૂજાનો સંગ્રહ એક સાથે સુશોભિત ગુજરાતી ટાઇપમાં ઉંચા કાગળોમાં છપાવી સુંદર કપડાના પાકા બાઇડીંગથી બંધાવી શુમારે પાંચસે પાનાનો આ દળદાર ગ્રંથ હાલમાં પ્રકટ થયેલ છે. આ પૂજાસંગ્રહમાં મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજે અષ્ટાપદજી તથા શ્રી બ્રહ્મચર્યપદની છેલ્લી બનાવેલી પૂજા તો અલોકિક ભાવગ્રાહી, પદલાલીત્યપણાથી એટલી બધી સુંદર બનેલી છે કે તે પૂજા ભણાવનારા બંધુઓએ અને વાંચકવર્ગે એક અવાજે વખાણ કરેલા છે, આ ગ્રંથમાં આવેલી પૂજાઓ જુદા જુદા રાગરાગિણીથી અલંકૃત થયેલ હોવાથી ભણાવનાર અને સાંભળનારને આલ્હાદ ઉત્પન્ન કરે છે. સર્વ બંધુઓએ–દેવભક્તિના ઉત્સુકો લાભ લે તે હેતુથી તેની કિંમત ઘટાડી રૂા. ૧–૮–૦ દોઢ રૂપીયો રાખેલ છે. જેથી દરેક જૈન બંધુઓએ મંગાવી લાભ લેવા ચુકવું નહીં.

---

## શ્રી નવપદજીની પૂજા ( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત. )

પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણીત પૂજાઓ એક કારણ છે. એવા હેતુથીજ **શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કૃત નવપદજીની પૂજા,** અમોએ તેના **ભાવાર્થ,** વિશેષાર્થ અને **નોટ** સાથે તૈયાર કરી પ્રકટ કરેલ છે. સાથે **શ્રી નવપદજીનું** મંડલ તથા **શ્રી નવપદજીનો યંત્ર** કે જે આયંબીલ–ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણા સુંદર સુશોભિત અને મનહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે તેની સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ અને સાથે **શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ** અને **શ્રીમાન્ આત્મારામજી મહારાજ** કૃત નવપદજી પૂજાઓ દાખલ કરેલ છે. ઉંચા એન્ટીક પેપર ઉપર ગુજરાતી સુંદર જૂદા જૂદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એક ઉત્તમ કૃતિ છે. કિંમત રૂા. ૧–૪–૦ પોસ્ટેજ જુદું.

---

પૃષ્ટ ૫૫૦ **શ્રી દાનપ્રદીપ ભાષાંતર.** કિંમત રૂ. ત્રણ

ધર્મના ચાર પ્રકાર–દાન, શીયલ, તપ અને ભાવમાં દાનધર્મ તે મુખ્ય છે.

આ દાનધર્મનાં ભેદો, તેનું વિસ્તારયુક્ત વર્ણન, તેના વિશેષ ભેદો અને આ દાનધર્મનું આરાધન કરનાર આદર્શ જૈન મહાન્ પુરૂષોનાં વીશ અદ્ભૂત ચરિત્રો, કથાઓ અને બીજી અંતર્ગત વિશેષ ચમત્કારિક કથાઓ આ ગ્રંથના બાર પ્રકાશમાં આપવામાં આવેલ છે.

આ ગ્રંથ સાદ્યંત વાંચવાથી ગમે તેવો મનુષ્ય પણ દાનધર્મ આદરવા તત્પર થાય છે. સુશોભિત રેશમી કપડાના પાકું બાઇડીંગ કરાવી તૈયાર કરેલ છે.

દરેક મનુષ્યોએ પોતાના ઘરમાં–લાયબ્રેરીમાં અને નિવાસસ્થાનમાં તથા મુસાફરીમાં આ ઉપયોગી ગ્રંથ રાખવો જોઇએ. કિં. ૩–૦–૦ પોસ્ટેજ અલગ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

का अरई ? के आणंदे ? इत्थं पि अग्गहे चरे, सव्वं हासं परिच्चज्ज आलीणगुत्तो परिव्वए। पुरिसा ! तुममेव तुमं मित्तं किं बहियामित्तमिच्छसि ?। जं जाणिज्जा उच्चालइयं तं जाणिज्जा दूरालइयं, जं जाणिज्जा दूरालइयं तं जाणिज्जा उच्चालइयं। पुरिसा ! अत्ताणमेव अभिनिगिज्झ, एवं दुक्खा पमुच्चसि। पुरिसा ! सच्चमेव समभिजाणाहि, सच्चस्साणाए उवट्ठिए से मेहावी मारं तरइ। सहिओ धम्ममायाय सेयं समणुपस्सइ ॥

आचाराङ्गसूत्रम्।

पुस्तक २३ मुं. { वीर संवत् २४५१ आश्विन. आत्म संवत् ३०. } अंक ३ जो.

ॐ

## श्री सिद्धचक्र–आराधन.

**आराध्य–आकृति.—** ( १ )

આશ્વિન ચૈત્ર તણી કહી અષ્ટાન્હિકા બે શાશ્વતિ,  
આરાધવા ફરમાન છે સિદ્ધચક્રનું જેમાં અતિ;  
અરિહંત–સિદ્ધ–સૂરિશ–ને ઉવઝાય–સાધુ સાથ જ્યાં,  
નાણુ–દંસણુ–ચરણુ–તપ મળી સિદ્ધચક્ર બને જ ત્યાં.

**आराधन–सत्कृति.—** ( २ )

આલેખીએ નવદલ કમલ નિજહૃદય પટ્ટપર પ્રેમથી,  
સિદ્ધચક્રની ઘટના કરો સંપૂર્ણ શાસ્ત્રિય નેમથી;  
આરાધના ત્રિકરણ યોગે દ્રવ્ય ભાવે વધારશો,  
દુઃખ ચૂર્ણ કરી સૌભાગ્યને શ્રીપાલવત્ આસ્વાદશો.

( વેલચંદ ધનજી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અભિનંદન.

પધારો પધારો નાથ ! ભગવાન્ જ્ઞાત નંદન !
તમોને છે તમોને છે ! અમારાં કોટિ વંદન ! ૧

ઓજસ આપનાં આજે પૃથ્વી તલને ઓપતાં;
કૃતાર્થતા અવધિ પામી હૈયાં શાં અમ શોભતાં. ૨

નયનો આપને નિરખી તૃપ્તિ ન પામતાં હજી;
જોઇ લેઉં ! જરા જોઉં ! વાંચ્છના વધતી જતી. ૩

વસંતની નવ લક્ષ્મી વધામણી આપતી અહીં;
જગતના નાથનું આતિથ્ય કરવા આતુર થઇ ઉભી. ૪

વધાવા આપના પાદો સમારંભો થઇ રહ્યાં;
મંગળ વાજીંત્રના નાદો દિગંતમાં વ્યાપી ગયા ! ૫

આજનો ઉત્સવ પામી ધન્ય જાત ગણે ધરા;
અલંકાર સજી રહી છે ! નાથ ચરણો પામવા. ૬

મધ્યલોક પુર દ્વારે થાય છે પ્રવેશ આપનો;
ત્રૈલોકય માંહેના જંતુ જપે છે જાપ આપનો. ૭

રંગ્યાં છે પુરનાં ભુવનો રત્ન શ્યા ! શ્વેત રંગથી;
ચંદ્રિકા ધન્ય ! થાએ છે, કરી ભક્તિ નિજ અંગથી. ૮

સ્વસ્તિકો પુરાએ છે મૌક્તિકોના ગૃહે ગૃહે;
પંચરંગી પુષ્પ રત્નોથી પુજાઓછો સ્થળે ! સ્થળે ! ૯

પૂજન અર્ચન કરૂં સાથી રંકતા ! હસ્તને વરી !
કૃત્ય પુન્ય ! થઉં છું હું ' આ કાવ્યમાળ કંઠે ઠવી !' ૧૦

**" પધાર્યા નાથ પધાર્યા નાથ ! અહો ! હૃદયા નંદન !**
**સ્વીકારોને ! સ્વીકારોને ! અમારા આ અભિનંદન ! " ૧૧**

શાહ ગોરધનભાઇ વીરચંદ
સીનોરવાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિશ્વરચના પ્રબંધ.

( નિવેદન ૧૦ મું. )

( ગતાંક પૃષ્ટ ૩૬ થી શરૂ. )

ગયા અંકમાં આવેલ હકીકતનો અહિં ભાષ્યકાર વિશેષ ખુલાસો કરે છે કે-વિરાટના બીજા નામો અગ્નિ, હિરણ્યગર્ભ, વિરાટ, પ્રજાપતિ અને બ્રહ્મા ઇત્યાદિ છે. * ( ખંડ ૩ અધ્યાય ૩ )

૨૨ અથર્વ વેદિય પ્રશ્નોપનિષદ્‌માં કાત્યાયન, ભાગર્વવદર્ભિ, કૌશલ્ય આશ્વલાયન અને ભારદ્વારજ ઋષીના પ્રશ્ન ૧–૨–૩–૬ ના ઉત્તરમાં પિપ્પલાદ જણાવે છે કે—

प्रजाकामो वैप्रजापति सतपोतप्यत । सतपस्तप्त्वा समिथुनमुत्पादयते नविंचप्राणंच ॥ इत्येतौमे बहुधा प्रजा करिष्यत इति. ॥

પ્રજાપતિએ તપ તપી રવિ અને પ્રાણનું જોડું ઉત્પન્ન કરી વિચાર્યું કે આ બહુ પ્રજાને કરશે. ( પ્રશ્ન ૧ સૂત્ર ૪ )

आराइवरथनाभौ, । प्राणे सर्वं प्रतिष्ठितम् ॥
ऋचो यजूंषी सामानि, यज्ञः क्षत्रं ब्रह्म च ॥

એટલે—રથનાભિમાં રહેલ આરાની પેઠે પ્રાણમાં ઋચા, વેદ, યજ્ઞ, ક્ષત્ર અને બ્રહ્મા વિગેરે રહેલ છે ( ૫ ) પાંચ મહાભૂત કર્મેન્દ્રિય અને બુદ્ધીંન્દ્રિયરૂપી દેવોમાં પણ પ્રાણ શ્રેષ્ટ દેવ છે. ( ૬ ) પ્રજાપતિ ગર્ભમાં ઉત્પન્ન થનાર, દેવોનો વન્હિ, પિતૃનોસ્વધા, ઇન્દ્ર, રૂદ્ર, ગગનગામી જ્યોતિષ્પતિ, વિશ્વપિતા અને વાયુનો પિતા પણ પ્રાણ છે.

प्राणस्येदंवेशसर्वं, त्रिदिवेयत्प्रतिष्ठितं ।
मातेव पुत्रान् रक्षस्व, श्रीश्र प्रज्ञांच विधेहि न ॥

જે ત્રણે લોકમાં છે તે બધું પ્રાણને વશ છે × × માતાની પેઠે પુત્રનું રક્ષણ કર અને શ્રી તથા બુદ્ધિ આપ. ( પ્રશ્ન ૨ સૂત્ર ૧૩ ) આ પ્રાણ આત્મા ( અક્ષરથી ઉત્પન્ન થાય છે ) કર્મ સાથે શરીરમાં આવે છે અને તે બાકીના દરેક પ્રાણોને યથાસ્થાને ગોઠવે છે અને પ્રાણ × × × નાડીઓ × × × ઇત્યાદિ ઇત્યાદિ. ( પ્રશ્ન ૩ ) અર્થાત્ તે પુરૂષે હિરણ્યગર્ભને નામે પ્રાણને બનાવ્યો અને પ્રાણથી શ્રદ્ધા, આકાશ, વાયુ, જ્યોતિ, પાણી, પૃથ્વી, ઇન્દ્રિય, મન, અન્ન, વીર્ય, તપ, મંત્ર, કર્મ, લોક, અને નામો બનાવ્યા. ( પ્રશ્ન–૬–સૂત્ર–૪ × આનંદાશ્રમ૦ )

૨૩–તૈત્તિરય બ્રાહ્મણ અષ્ટક ૮, અધ્યાય ૩ અનુવાક ૧૦ માં કહ્યું છે કે–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रजापतिः सोमं राजानमसृजत. પ્રજાપતિએ પ્રથમ સોમરાજાને ઉત્પન્ન કર્યો પછી ત્રણ વેદ બનાવ્યા, જે ત્રણેને સોમ રાજા લેતો હવો.

૨૪–ઋગ્વેદસંહિતા મંડલ ૧૦ સૂત્ર ૭૨, (સાયન ભાષ્યાનુસાર) માં કહ્યું છે કે—બ્રહ્મા દેવતાઓને કર્માનુસાર જન્મ દેતા હવા. દેવતાઓના પૂર્વયોગમાં અસત્ સત્ બન્યા દિશાઓને ઉત્તાનપાદ થયા, ઉત્તાનપાદથી પૃથ્વી અને પૃથ્વીથી દિશાઓ થઈ. અદીતિથી દક્ષ અને દક્ષથી અદીતિ બનેલ છે. હે દક્ષ ? ત્હારી પુત્રી અદીતિનો જન્મ થયો.

૨૫–ઋગ્વેદસંહિતા મંડલ ૧૦ સૂ. ૧૯૧ માં લખે છે કે—ऋतं च सत्यं च इत्यादि. તપથી સત્ય થયું પછી અનુક્રમે રાત્રિ અહોરાત્રિ અને સંવત્સર ઉત્પન્ન થયા. ધાતાએ યથાપૂર્વ સૂર્ય ચંદ્રની કલ્પના કરી તેમજ આકાશ પૃથ્વી અને અંતરિક્ષાદિ બનાવ્યા.

૨૬–તૈતિરિય બ્રાહ્મણ કાંડ૨, પ્રપા–૮, અધ્યાય ૯ માં को अद्धा वेद कइह प्रवोचत् ઇત્યાદિથી જણાવે છે કે–સૃષ્ટિ કોના માટે કોણે ઉપજાવી છે તે કોણ જાણે છે ? કોઇ એમ ધારે કે દેવતાઓ જાણતા હશે, પણ દેવતાઓ તો પૃથ્વી રચના પછી ઉત્પન્ન થયા છે. તે વૃક્ષ કયા વનનું છે ? અને કોણ છે કે જેથી દ્યાવા પૃથ્વીરૂપી ફળ ઉત્પન્ન થયું ઇત્યાદિ પણ કોણ જાણે છે. આ સર્વના અધ્યક્ષ પરમાકાશમાં છે તે પણ જાણતા હશે કે નહીં જાણતા હોય.

૨૭–વાજસનેયસંહિતા અધ્યાય ૧૭ મંત્ર ૩૨ માં પણ આજ મંત્ર છે.

૨૮–ઋગ્વેદસંહિતા અ૦ ૧૦ સૂ. ૧૨૯ માં પણ ઉપર પ્રમાણે જ મંત્ર પાઠ છે.

૨૯ ઋગ્વેદસંહિતા. ૧–૩૫–૬ માં तिस्रोद्यावः ઇત્યાદિથી જણાવે છે કે ત્રણ લોક છે જે પૈકીના બે લોક સવિતાના ઉદરમાં અને એક લોક યમના ભુવનમાં છે. ચંદ્ર તારા વિગેરે દેવો તેની ઉપર બેઠા છે. તથા—

इहबवीतु य उ तच्चिके तत्

આ સર્વ જેણે પ્રત્યક્ષ જાણેલ છે એવો કોઇ હોય તો તે અહીં આવીને જણાવો. × ૩૬ વેદ શબ્દપર ટીપણી.

---

૧ વેદના કર્તા કોણ ? ૨ વેદમાં શું શું કથન છે ? ૩ વેદ કયારે બન્યા ? અને ૪ વેદની કઇ ભાષા છે ? તે માટે પૌર્વાત્ય અને પશ્ચિમાત્ય પ્રાચીન અને અર્વાચીન વિદ્વાનોની માન્યતા નીચે મુજબ છે.

૧ વેદના કરનારા મહર્ષિઓ માટે વેદ અને પુરાણના પાઠો આ પ્રમાણે છે. क ઋગ્વેદ અષ્ટક અધ્યાય. ૪. વ૦ ૧૭–૧૮–૧૯. મંડળ. ૧૦ અનુવાક. ૭ સૂત્ર ૯૦ કથે છે કે–વેદ છન્દ અને ગાયત્રી યજ્ઞથી થયા છે. ख–ઐતરિય બ્રાહ્મણ કહે છે કે ત્રણ વેદ અગ્નિ સૂર્ય અને વાયુથી ઉત્પન્ન થયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ग—અથર્વ વેદ સંહિતા કાંડ. ૧૦ પ્રપા. ૨૩, અનુવાક. ૪ મંડલ ૨૦ માં કહે છે કે–ઋગ્વેદ અને યજૂર્વેદ પરમાત્માથી ઉત્પન્ન થયા છે અને સામવેદ તથા અથર્વવેદ પરમાત્માના રોમ અને મુખ હતા. ઙ ગો પથ બ્રાહ્મણમાં કહે છે છે કે–વેદ ઓંકારથી થયેલ છે घ–શતપથ કાંડ ૧૪ અ. બ્રા. ૪ કં. ૧૦માં કથન છે કે ચારવેદ પરમાત્માના ઉશ્વાસરૂપે છે ( **तत्वनिर्णय प्रासादे** ) च–પુરાણુકારો કહે છે કે–ચાર વેદો. ચતુર્મુખી બ્રહ્માથી થયેલ છે छ. મનુસ્મૃતિમાં કહ્યું છે કે–**अग्नि वायु रविभ्यस्तु, त्रयंब्रह्म सनातनः** ॥

**दुदो ह यज्ञ सिद्धर्थ–मृग्यजुः साम लक्षणं** ॥ એટલે બ્રહ્મા યજ્ઞની સિદ્ધિમાટે ઋગ્ યજૂ અને સામવેદને અગ્નિ વાયુ અને રવિથી દોહતો હવો. ज ઋગ્વેદની કેટલીક ઋચાઓ અગસ્ત્ય ઋષિની પત્ની લોપમુદ્રાએ લખી છે झ પરિવહકે અથર્વ ઋષિ પાસે વેદનો અભ્યાસ કર્યો. ( ચ૦ ચં૦ )

ञ આર્યતત્વ પ્રકાશ વ્યાખ્યાન ૧ લું પૃષ્ટ ૨૦ માં લખે છે કે–ઋગ્વેદનો આદિ મંત્ર રામચંદ્રજીના સમકાલીન. વિશ્વામિત્રના પુત્ર મધુછંદસે બનાવેલ છે અને અંતિમ મંત્ર અઘમર્ષણઋષિએ બનાવેલ છે. ( મા૦ ધ૦ સં. ૬૭૮ )

ट વળી એક ઉત્તરોતર લખાયેલ યાદી જણાવે છે કે–ત્રણ વેદ બનાવનાર ભાંડ ઠગ અને રાક્ષસ હતા, અને જર્ફરી તુર્ફરી વિગેરે પ્રતિષ્ઠિત્ત કુળોમાંથી પંડિતો થયા હતા. તેઓએ દક્ષિણા માટે અનેક પ્રકારો રચેલા છે. ( સર્વદર્શન૦ સનાતન. )

ठ–જૈન મહર્ષિઓ કહે છે કે–સંસાર દર્શન, સંસ્થાન દર્શન તત્વાવબોધ અને વિદ્યા પ્રબોધ, એ પ્રાચીન ચાર વેદો છે જેમાં ફેરફાર થતાં વસુરાજાના ગુરૂપુત્ર પર્વતક તથા પિપ્પલાદથી નવા વેદોની રચના થયેલી છે. જુના–પ્રાચીન વેદોનો કાંઇક લુપ્તાવશેષ દક્ષિણમાં હોવાનું માની શકાય છે.

ड–આચાર્ય મલયગીરિજી કહે છે કે. કંઠ તાળવું હોઠ ઉષ્મા નાક જીભ મુખ વિગેરે ન હોય તો શબ્દનો ઉચ્ચાર થઇ શકે નહી. માટે કંઠ વિગેરેને ધારણ કરનાર કોઇ વ્યક્તિઓએ વેદ બનાવેલ છે જેમાં મુખ્ય વનવાસીઓ હતા.

ढ–કૈ૦ પ્રો૦ જીનસીવાળા વિગેરે વેદને અપૌરુષેય ગ્રંથ તરીકે માનનારા હતા. (સમાલોચક)

ण–વૈશંપાયનઋષિએ યજુર્વેદની ૮૬ શાખા કરી છે એમ વેદની હજારો શાખા થયેલી છે જે દરેકમાં પરસ્પર એકી ભાવ દેખાતો નથી.

૨ વેદમાં શું શું કથન છે? આ માટે મેક્ષમુલર વિગેરે વિદ્વાનો કહે છે કે–વેદમાં અનેક પ્રસંગોનું વર્ણન છે, પરસ્પર વિરોધતાવાળા પાઠો છે. આપ્ત પુરૂષના મુખમાંથી ન નીકળ્યા હોય એવા કથનો છે, સહાય માટે ઇંદ્ર આદિ દેવોના આમંત્રણો છે, યજ્ઞોના પાઠો છે, સોમવલ્લીની માગણીઓ છે, ગાયનું રક્ષણ કરવા માટે સહાય માગવાના ઉલ્લેખો છે, ધર્મના માર્ગો પણ છે, બહુ કાળ પહેલાનાં અને અલ્પ કાળે થયેલા ઋષિઓના અધિકારો છે, પુરોહિતની મહત્તાના અને દક્ષિણા માટેના ઉલ્લેખો છે, ( **प्रवासी** ) અને **જૈન** તીર્થંકરો શંકર, બ્રહ્મા, વરૂણ, વાયુ, અગ્નિ, સૂર્ય વિગેરેની સ્તુતિઓ છે જુઓ—

A ઋગ્વેદમાં કહ્યું છે કે—**ॐ त्रैलोक्य प्रतिष्ठितान् चतुर्विंशति तिर्थकरान् ऋषभाद्या वर्धमानान्तान् सिद्धान् शरणंप्रपद्ये, ॐ पवित्रं नग्नमुप विप्रसा-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**महो पषानम्ना ज्ञातिर्येषांवीरा:** આ મંત્ર માં ત્રણે લોકમાં પ્રતિષ્ઠિત ઋષભથી વર્ધમાન સુધીના ચોવીશે તીર્થંકર સિદ્ધોની સ્તુતિ છે.

B ઋગ્વેદ અષ્ટક. ૧ અધ્યાય. વર્ગ. ૧૬ **ॐ स्व० इंद्रो वृद्धश्रवा: स्व० पुषाविश्ववेदाः स्व० ताक्ष्र्यो अरिष्टनेमि: स्व० बृहस्पतिर्दधातु.** આ પાઠમાં અરિષ્ટનેમીનું નામ સૂચવેલ છે.

C યજુર્વેદ અધ્યાય ૨૫ મંત્ર. ૧૯ **ॐ नमो अर्हतो ऋषभो ॐ ऋषभ पवित्रं पुरुहूतमध्वरं यज्ञेषुनग्नं परमं माह संस्तुतं वरंशत्रुंजयंतं पशुरिंद्र माहुरिति स्वाहा: दीर्घायुस्तायु बलायुर्वा शुभजातायु.** આ પાઠમાં ઋષભદેવ અરિહંતની સ્તુતિ વિગેરે છે.

D **ॐ रक्ष रक्ष अरिष्ट नेमिः स्वाहाः वामदेवशान्त्यर्थं मनुविधिय ते सोस्माकं अरिष्टनेमिः स्वाहाः** આ મંત્રમાં વામદેવની શાંતિ માટે–કામથી અથવા માટે અરિષ્ટનેમિપ્રભુની સહાય માગેલ છે

E **नमं सुविरं दिग्वाससं ब्रह्मगर्भं सनातनं** આ પાઠમાં ઇ. સ. પૂર્વે ૫૨૪ વર્ષ થયેલ સર્વજ્ઞ ભગવાન સનાતન અચેલક મહાવીર પ્રભુને નમસ્કાર છે.

F યજૂર્વેદ વિશ્વદેવ ઋચા–**नेद्रुतं वर्धमानं स्वस्तिन: । इन्द्रोवृद्धश्रवा स्वस्तिनः । पुरुषा विश्ववेदा स्वस्तिन: । ताक्ष्र्यो रिष्टनेमि: स्वस्तिनः ॥** આ મંત્ર પણ વર્ધમાન પ્રભુ અને અરિષ્ટ નેમિના આધકારવાળો છે. ( જુઓ B )

G અથર્વવેદની રામતાપ તથા ગોપાળ તાપની ઉપનિષદમાં વિષ્ણુના અવતારોનું વર્ણન છે જે પૈકીના સત્યયુગમાં ૧૨ ત્રેતાયુગમાં રામચંદ્રજી અને દ્વાપરયુગમાં કૃષ્ણાવતાર થયેલ છે.

H ઋગ્વેદસંહિતા કહે છે કે–હે વસિષ્ઠ ? ઇંદ્રે તારી પ્રાર્થનાથી દશ રાજાના યુદ્ધમાં સુરદાસની રક્ષા કરી ( ચ૦ ચ૦ )

I ઋગ્વેદ અષ્ટક ૮ માં એક કોઈ નપુંસક રાજાએ મહાત્માની કૃપાથી પુરૂષપણામાં આવી દાન કર્યું તેની તારીફ છે.

J ઋગ્વેદમાં એક અન્નની ચોરી કરતાં ભસતા કુતરાને બંધ રાખવાનો વસિષ્ટનો મંત્ર છે.

K **इंद्रस्यनुर्वा यणि प्रोवाचंयाति चकार प्रथमानी वज्री** આવેદ પાઠમાં ઇંદ્રના મોટા કાર્યોની તારીફ માટે આરંભસૂચક પદ છે. ( સતમત૦ )

L ઋગ્વેદ સંહિતા અષ્ટક ૩ અધ્યાય ૨, વર્ગ ૧૨–૧૩–૧૪ ઋચા ૧ થી ૧૨ માં વિશ્વામિત્રને પુરોહિતનો અધિકાર છે જે ઘટના પંજાબમાં શતદ્રુ અને પિપાસા નદીના કાંઠે થયેલ છે.

M ઋગ્વેદ સંહિતા. અધ્યાય ૮ અ૦ ૨ વ૦ ૨૩ ઋચા ૩ માં વસિષ્ઠે સુદાને આપેલ શ્રાપનો સંબંધ છે ભાષ્યકાર કહે છે કે વસિષ્ટ સંપ્રદાયી આ ઋચાને સાંભળતા નથી.

N ઋગ્વેદ સંહિતા અ૦ ૪ અ૦ ૪ વર્ગ–૨૦ માં સ્ત્રી સાથે વિષય ન સેવવા દેવા પેટીમાં પુરી રાખેલ સપ્તવધ્રી ઋષિની જંપનાનો અને દેવસ્તુતિનો અધિકાર છે. **विजिहीश्व वनस्पते ? योनिः-सूषन्त्याइव,** હે વનસ્પતિથી બનેલ પેટી ? સ્ત્રીની યોનિની પેઠે ચોખંડી થઈ જા. અંતે આ માગણી પુરી થાય છે અને બહાર નીકળી સ્ત્રી ભોગવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



O ઋગ્વેદ સંહિતા અ૦ ૬ અ૦ ૬ વર્ગ. ૧૪ માં. અત્રિઋષિની દુર્ભંગા પુત્રિ અપાલાએ પિતાના માથે વાળ ઉગવાની પિતાના ક્ષેત્રમાં, સુંદર ફળ ઉપજવાની અને પોતાના ગુહ્યસ્થાને વાળ ઉગવાની યાચના કરી છે, જે કામનાની ઈંદ્ર વડે પૂર્ણાહુતિ થાય છે. ( **तत्वनिर्णय०** )

P ડો૦ રાજેન્દ્રના સામવેદમાં લખે છે કે એક સન્યાસીએ વેદની નિંદા કરી હતી જેનું ધન ભૃગુને આપી દેવામાં આવ્યું હતું.

Q ,, ઐત્તરિય બ્રાહ્મણમાં નોંધ છે કે કેટલાક યતિઓને શૃગાળની સામે ફેંકી દેવાનો દંડ કરવામાં આવ્યો હતો.

R ઋજુવેદ અ૦ ૩ અ૦ ૩ વર્ગ ૨૧ ઋચા ૧૪ માં યજ્ઞદાનને બુરૂં માનનાર કીકટ અને મગધવાસી મનુષ્યો માટે લખે છે કે—

હે ઈન્દ્ર ? અનાર્ય દેશમાં અને દાનયજ્ઞમાં શું ફાયદો છે એમ કહેનારા તથા સ્વેચ્છાએ આહાર વિહાર કરનારા નાસ્તિકો પાસે જે ગાયો છે, તે તમોને શું ફાયદાકર છે ? કારણ કે લોકો તેનું દુધ સોમરસ ( માદક વેલડી )માં મળવવા માટે દેતા નથી. માટે વૈદિકકર્મમાં નહીં આવનારી ગાયો અમને આપો અને જે પૈસા ઉધારી બમણા કરે છે ને તે પૈસા તમારા કામમાં વાપરતા નથી તે પૈસા પણ અમોને આપો. નીચ શાખામાં જન્મેલ એવા તે પુરૂષોનું ધન અમોને આપો, કારણ કે અમારૂં ધન યજ્ઞાદિ દ્વારા તમારા કામમાં આવે છે. ( ડ )

S પદ્મપુરાણ ખંડ ૭ અધ્યાય ૬ માં કહે છે કે

**वेदा विर्निदितायेन, विलोक्यपशुहिंसनं ।**
**सकृपेनत्वयायेन, तस्मैबुद्धायते नमः ।।**

આ શ્લોકમાં વેદની હિંસા અને બુદ્ધદેવની કૃપાલુતાની સાબીતી છે.

૩. વેદ કયારે બન્યા ? આ પ્રશ્નનો ઉત્તર વેદના પાઠોથીજ કરી શકાય. વેદમાં વસિષ્ટ ઋષિ વિશ્વામિત્ર, ભૃગુઋષિ સુદાસ સપ્તવધ્રીઋષિ, અપાલા, અરિષ્ટનેમિ તથા મહાવીર દેવનો અધિકાર છે એટલે આ ઉપરથી સિદ્ધ થાય છે કે ઉપરોક્ત વ્યક્તિઓ પછી વેદની રચના થઇ છે તથા જૈન વિગેરે કેટલાક ધર્મોની હરિફાઇમાં વેદની અતિ આવશ્યકતા જોવાઇ છે. હવે મહાવીર પ્રભુ પછી તુરત વેદની રૂચાઓ બનવાનું બંધ થયું છે એમ માની લઇએ તો ૨૪૦૦ વર્ષે વેદ રચના કાળ ઠરે છે.

અર્વાચીન લોકો વેદકાળના ૧૨૦૦૦ કે ૧૪૦૦૦ વર્ષ ઠરાવે છે તે પહેલાં ચેલ્ડિયન્સ નામે લોકો હતા.

લો૦ મા૦ તિલક વેદકાળના ૧૨૦૦૦ કે ૧૪૦૦૦ વર્ષ કહે છે. આર્યતત્વ પ્રકાશમાં કથન છે કે રૂગ્વેદનો આદિમંત્ર અંત્યમંત્ર કરનાર ઋષિઓ ઉપરથી સમય શોધીએ તો રૂગ્વેદરચના કાળ ( ૧૧૨૦+૧૯૮૦ ) ૩૦૦૦ વર્ષ થાય છે. વેદમાં દીર્ઘ આયુષ્ય વર્ષ ૧૦૦ નું કહેલ છે જે ઉપરથી પણ વેદકાળ શોધી શકાય છે

૪. વેદની કઇ ભાષા છે ? આ બાબતમાં વિચારીએ તો એમ માનવું પડે છે કે વેદની ભાષા બહુજ વિચિત્ર છે, કેમકે તેના ભાષ્યકારો અને ટીકાકારો પણ સ્પષ્ટ અને સંગત અર્થ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતા નથી. દરેક વિવરણકારો એકજ સૂત્રના જૂદા જૂદા અર્થ કરે છે. જુઓ ય૦ વા૦ સં૦ અ૦ ૧૩ મં૦ ૪ તથા ય૦ વા૦ સં૦ ૩૦–૧૩ મં૦ ૩૦ વિગેરે એટલે સમજી શકાય છે કે વેદની ભાષા અસંસ્કૃત–વ્યાકરણના સંસ્કારથી રહિત [ પ્રાકૃત પણ નહીં ] તેમજ સંસ્કૃત–સંસ્કારવાળી [ શબ્દાનુશાસન, લીંગ, વિભક્તિ, સમાસ અને પ્રત્યયના નિયમોથી ગુથેલી ] નથી પણ બંને ભાષા મેળારૂપ–મિશ્ર ભાષા છે અને વેદ ભાષા શિખવા માટે અલાયદું વૈદિક વ્યાકરણ છે.

આ સંબંધમાં વિશેષ જાણવા ઇચ્છનારે **सरस्वती** ૧૨૧ સને ૧૯૦૮ સપ્ટેંબરમાં આ- આવેલ વેદવિહિત વિનાયક વિશ્વનાથનો વેદ લેખ વાંચી જવો.

**સ્મૃતિ** અને **પુરાણોમાં** પણ પ્રસ્તુત ચાર પ્રશ્નોનો વિચાર કરી લઇએ. જે સ્મૃતિ જેણે કરેલ હોય તેના નામથીજ તે સ્મૃતિ ઓળખાય છે. જેમકે યાજ્ઞવલ્કય સ્મૃતિ–મનુ સ્મૃતિ વિગેરે પુરાણના કરનારા અનેક પંડિતો થયા છે જેનો નામવાર ખુલાસો મળી શકતો નથી પણ વ્યવહારથી તો " વ્યાસજીનાં પુરાણો " એ પ્રમાણે બોલાય છે.

સ્મૃતિમાં વ્યવહાર માર્ગ દર્શાવ્યો છે અને પુરાણોમાં ચરિત્ર તથા ઇતિહાસના પાઠો છે. દરેક દેવનાં જુદાં જુદાં પુરાણો છે અને જે દેવનું જે પુરાણ હોય તેમાં તે દેવની ઉત્તમતા અને અલંકારિક દૃષ્ટિએ કહીએ તો બીજા દેવોની ગૌણતા વર્ણવેલ છે, ન ઇચ્છી શકાય એવો પરસ્પર ભેદભાવ, ક્ષણિક પ્રશંસા તથા નિંદાના પાઠો પણ છે. ઐતિહાસિક વિરોધો પણ દૃષ્ટિગોચર થાય છે. જેમકે ભગવાનના મનુના પુત્ર કપિલે કપિલશાસ્ત્રમાં અને બ્રહ્માના જમાઇ ગૌતમે ન્યાયશાસ્ત્રમાં ગીતાજી, કળીયુગ અને છ દર્શનનો અધિકાર આપ્યો છે. એટલે કપિલશાસ્ત્ર અને ગૌતમશાસ્ત્ર ગીતાજી કળિયુગ અને છ દર્શનની પહેલાનાં કે શું ? ત્રેતાનાં અંતમાં વાલ્મિકરૂષ થયા અને ત્યારપછી ૮૨૪૦૦૦ વર્ષે દ્વાપરના અંતમાં વ્યાસજી થયા છતાં આશ્ચર્ય છે કે, વ્યાસજીના મહાભારતમાં વાલ્મિકીજીની સહાય હતી. વ્યાસજીના પદ્મપુરાણમાં ઇ. સ. ૧૨૦૦ સુધીનું વર્ણન છે. રાજતરંગીણી કહે છે કે કલિયુગના ૮૫૦ વર્ષ પછી પાંડવો થયા છે જ્યારે બીજા ગ્રંથોમાં બીજું કથન છે. એક કલ્પના ૪૦૦૦ યુગના મન્વંતરો ૧૪ા થાય છે. હવે પહેલા મન્વંતરમાં પ્રિયવ્રતના વંશના રાજાઓ હતા. બીજા મન્વંતરમાં પ્રિયવ્રતના ભાઇ ઉત્તાનપાદનો વંશ હતો. ઉત્તાનપાદવંશીય દક્ષે સાતમમન્વંતરીય કશ્યપને પોતાની પુત્રી પરણાવી હતી.

કેટલાક એવા ઉપનિષદ્ અને પુરાણના અધિકારો છે કે જેને માત્ર યુક્તિથી સત્ય માનવા પડે છે કે—જેમક પ્રજાપતિ—રવિ બેટી–ઉષાને, ભોગવે છે. ઇંદ્ર—રવિ અહલ્યા રાત્રિને સ્પર્શે છે. ભસ્મ—ભસ્મ અને જટા–ધુમાડો રૂદ્ર–અગ્નિનું ચિન્હ છે.

બ્રહ્મા–જળ અને ઇંદ્ર—આકાશ, ( **इतिहास तिमिर नाशक** ) વેદના મિત્ર અને વરૂણને પાશ્ચાત્ય વિદ્વાનોના હાઇડ્રોજન અને ઓકિસજન છે. ( **सत्य** ) પર્જન્યથી અન્ન અને અન્નથી ભૂત છે. ( **गीता** ) અગ્નિની આહૂતિ આકાશમાં જતાં વૃષ્ટિરૂપે નીચે આવે છે. એટલે સૂર્યથી વૃષ્ટિ, વૃષ્ટિથી અન્ન અને અન્નથી પ્રજા છે. ( **मनुस्मृति** )—વેદમાં સ્વર્ગથી સુખ વિશેષની અને ઉર્વશીથી અરણિવૃક્ષની પીછાન છે. ( **नन्दीसूत्रवृत्ति** )

લો૦ મા૦ તિલક પણ કહે છે કે ઉપનિષદ્ના કેટલાક પાઠોમાં વાત એક અને ઉદ્દેશ બીજો હોય એવા છે. ( **मृग०** ) ભાગવતમાં પણ અધ્યાત્મમાર્ગથી ગોઠવાયેલ અધિકારો સંભવે છે. ઉત્પત્તિતત્વને અનુસરતું નિદર્શન નીચે મુજબ પ્રત્યક્ષ છે. જેમકે—ધર્મ અને શ્રદ્ધાથી કામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વાદી શ્રી દેવસૂરિજી.

( ગતાંક પૃષ્ટ ૪૪ થી શરૂ. )

વાદિશ્રી દેવસૂરિ પછી થયેલા પ્રખર આચાર્યોએ તેઓશ્રીને પોતાના ગ્રંથના આદિ ભાગમાં અર્ધ્ય આપી તેમના પ્રત્યે પોતાનો અતુલ ભક્તિભાવ પ્રદર્શિત કર્યો છે કે જેઓનાં નામ માત્રથી ઉલ્લેખ આપું છું. **શ્રી મહેશ્વરાચાર્ય** આવશ્યક સપ્તતિકા ટીકામાં, જૈન ધર્મ પ્રતિબોધમાં શ્રી સોમપ્રભ સૂરિએ, ધર્માભ્યુદય મહાકાવ્યના કર્તા **શ્રી** ઉદયદેવ સૂરિએ, શ્રી પ્રદ્યમ્નાચાર્ય, મુનિ દેવસૂરિ, સોમચંદ્ર પંડિત, શ્રી મેરૂતુંગાચાર્ય આદિ પંડિતો અને આચાર્યોએ તેમનાં ગુણુકીર્તન ગાઇ પોતાની લઘુતા બતાવી છે. હું આ બધા આચાર્યો પૈકી એકાદ બે આચાર્યોએ તેમનાં જે ગુણકીર્તન ગાયાં છે, તેના થોડા નમુના આપું તો અસ્થાને નહિ ગણાય.

"वादविद्यावतोऽद्यापि लेखशालामनुज्झता ।
देवसूरि प्रभोः साम्यं कथंस्याद् देवसूरिणा ॥
बार्हस्पत्याधिपत्यस्य पातनेप्रार्थितोद्यमः ।
अपूर्वः कोऽपिलोकेऽस्मिन् देवसूरिः कृतोदयः ॥

ઉત્પન્ન થાય છે. તેમજ ધર્મ, લક્ષ્મી, ધૃતિ, તુષ્ટિ, પુષ્ટિ, મેધાબુદ્ધિ, શાંતિસિદ્ધિ અને કૃતિથી દર્પ નિયમ. સંતોષ, લોભશ્રુતિ, ન્યાય, ક્રોધ, ક્ષેમ, સુખ અને યશ ઉત્પન્ન થાય છે. કામનંદીથી હર્ષ જન્મે છે. અધર્મ તથા હિંસાના અનૃત અને નિકૃતિપુત્રો છે. તથા ભય અને નરકપૌત્રો છે. માયા અને વેદના પૌત્રીઓ છે. ભય અને માયાનો પુત્ર મૃત્યુ છે. નરક અને વેદનાનો પુત્ર દુઃખ છે. વ્યાધિ, જરા, શોક અને તૃષ્ણાને મૃત્યુનો પરિવાર છે. ( **विष्णु०** અંશ ૧ ) આત્મા મનોમય જગતનો પ્રેરક છે. જેની રાજસવૃત્તિ, સાત્વિક વૃત્તિ અને તામસીવૃતિ તે બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ છે. ( **गो०** ) આત્મા ત્રિગુણ માયાવડે ત્રિવિધ અહંકાર પામી સંસારમય-જન્મજરા મૃત્યુની વૃદ્ધિ કરનારો થાય છે. આત્માના હૃદયકમળમાં થયેલ મોહની, કર્મનું ફળ, સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશના અધિષ્ઠાનરૂપ દેવત્રિપુટીની પેઠે મિથ્યાત્વમોહની, મિશ્રમોહની, અને સમ્યક્તમોહનીરૂપી ફળ પ્રકટાવે છે.

૩. કપિલશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની રચના વખતે છએ દર્શનો હૈયાત હતાં એટલે છએ દર્શનો વિશ્વવ્યાપી હતા ત્યારે કપિલજી અને ગૌતમરૂષિ થયા છે. વાયુપુરાણ, મત્સપુરાણ વિગેરેમાં બે હજાર વર્ષ પૂર્વનો ઇતિહાસ છે. જેથી તેનો રચના કાળ બે હજાર વર્ષ પહેલાં મનાય છે. પદ્મપુરાણમાં રામાનુજસ્વામીનું વર્ણન હોવાનો ઉલ્લેખ છે ( સત૦ ) એટલે આ રીતિએ ઇ. સ. ની તેરમી સદીમાં પદ્મપુરાણનો રચના કાળ મનાય છે. ભોજરાજાના સમયમાં બે પંડિતોએ વ્યાસજીના નામે બે પુરાણની રચના કરી હતી. જેને ભોજરાજાએ દંડ કર્યો હતો. ત્યારથી પુરાણ રચવાનું બંધ થયું હશે. સ્મૃતિ અને પુરાણની ભાષા સંસ્કૃત છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्रीजैनशासनसरोजविकासभानुः
श्रीदेवसूरिरितितस्य बभूव शिष्यः
दुर्वादिकौशिकचयं प्रतिभाद्दगन्धं
यावन् मरीचिनिचयैरपयंचकार

( શ્રી શાન્તિનાથ ચરિત્ર મુનિદેવસૂરિ. )

**ભાવાર્થ**—" વાદવિદ્યાવાળા શ્રી દેવસૂરિની નિશાળમાં ભણતા દેવસૂરિ–બૃહસ્પતિ શ્રી દેવસૂરિની સમાનતા કેમ ધારણ કરી શકે ? કારણ કે તે તો હજી શ્રી દેવસૂરિનો નિશાળીયો છે. જગત્‌માં બધાથી શ્રેષ્ઠ સ્થાન બૃહસ્પતિનું કહેવાય છે. તેનું જગત્ અધિપણું પાડવા માટે કર્યો છે પ્રયત્ન જેમણે એવો દેવસૂરિરૂપી સૂર્ય જગત્‌માં કોઈ અનેરો ઉગ્યો છે.

" મુનિચંદ્ર સૂરિના શિષ્ય શ્રી દેવસૂરિ શ્રી જૈન શાસનરૂપી કમળના પ્રતિબોધ–વિકાસ માટે સૂર્ય સમાન થયા કે જેમણે પોતાના રશ્મિ સમૂહવડે વાદીરૂપી ઘુવડોના સમૂહની પ્રતિભારૂપી દૃષ્ટિને આંધળી બનાવી હતી–બનાવતા.

अतिष्ठिपन्निर्वृत्तिमङ्गनाजने विजित्य ये दिक्पटमागमोक्तिभिः ।
विवादविद्याविदुरं वदावदा जयन्ति तेऽमी प्रभु देवसूरयः ।।
सिताम्बराणामपि यैश्च दर्शनं स्थिरं कृतं गुर्जर भूमिमण्डले ।
चलाचलांदिक्पट वादवात्यया मनोमुदे ते मम देवसूरयः
तत्पट्टाचल पूर्वपर्वतशिरः श्रृंङ्गारतिग्मद्युतिः
स्फूर्जत्कौमुदचन्द्रधामानिहतिः प्रख्यात कीर्तिव्रजः
तापव्यापदपाकृति प्रमुदितैरासेव्यमानो भृशं
सच्चक्रैः सततं चिरं स जयति श्रीदेवसूरि प्रभुः

( શાન્તિનાથ મહાકાવ્ય ).

**ભાવાર્થ**—જેઓ આગમની યુક્તિઓવડે દિગમ્બરોને જીતી સ્ત્રીઓને મોક્ષનો હક્ક સિદ્ધ કરતા હતા તે વિવાદવિદ્યામાં પ્રખર પંડિત શ્રીદેવસૂરિ જય પામે છે. પામો ' જ. દિગમ્બરરૂપી પ્રખર વાયુ વડે કરી હચમચી ગયેલું શ્વેતામ્બર દર્શન જેમણે ગુજરાતમાં સ્થિર–મજબુત કર્યું હતું તે દેવસૂરિ મારા મનને આનંદ આપનાર થાઓ—આનંદ આપો.

મુનિ ચંદ્રસૂરિની પટ્ટ પરંપરારૂપી પૂર્વાચલ–ઉદયાચલના શ્રૃંગારરૂપ સૂર્ય સમાન અને શોભતા કૌમુદચંદ્રની કાન્તિના નાશ કરવાથી પ્રખ્યાત થઈ છે કીર્તિ જેમની ( પૃથ્વીને આનંદ આપનાર ચંદ્રની કાન્તિ સૂર્યના પ્રતાપથી નાશ પામે છે. તેમ દિગમ્બરાચાર્ય કુમુદચંદ્રને વાદમાં જીત્યો એટલે તેનો પ્રભાવ પણ નાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામ્યો.) ને તાપની આપદાને દૂર થવાથી—કરવાથી ખુશી થયેલા સત્પુરૂષોવડે સેવાતા શ્રીદેવસૂરિ ચિરકાલ પર્યંત જય પામે છે—જય પામો.

**તેમની કૃતિયો.** હવે છેલ્લે તેમની કૃતિઓ તરફ વળીએ. તેમની એકે એક કૃતિઓમાં એક એવી અદ્ભૂત સમર્થ કૃતિ છે કે જેને લીધે તેઓ નિરંતર વધુને વધુ યશોગામી થતા જાય છે. તેમની એ કૃતિ એવી તો સબલને સફલ છે કે જૈન દર્શનને પ્રતિપાદન કરનાર સફળ મહા ગ્રંથ છે. તેમની અદ્ભુત શકિતનો, પ્રબલ પ્રતિભાનો, કુશાગ્રતિક્ષ્ણ બુદ્ધિનો, જૈન દર્શનના મૌલિક સિદ્ધાંતોના જ્ઞાનનો ખરેખરો પરિચય આ ગ્રંથ વાંચતાં થાય છે. ગ્રંથમાં એવી સુંદર સચોટતા, સરલતાને ગંભીરતા છે કે જાણે બીજો મહાસાગર. મૂળગ્રંથ સૂત્રાત્મક પદ્ધતિએ રચાયો છે. શબ્દોમાં જેટલી સરલતા છે તેટલીજ બલ્કે તેથી વધુ ગંભીરતા ભરી છે. તેના બે ટુંકા નમુના આપું. વાંચતાં વાંચકોને જરૂર આનંદ થશે.

राग द्वेषविजेतारं ज्ञातारं विश्व वस्तुनः शक्रपूज्यं गिरामीशं तीर्थेशं स्मृतिमानये.

આ શ્લોક મંગલાચરણનો છે, વાંચતાં સાવ સ્હેલો લાગશે. સામાન્ય વાંચકોને માત્ર તીર્થંકર પ્રભુની સ્તુતિનું ભાન થશે, પરંતુ આ શ્લોકમાં ગાંભીર્ય ભર્યું છે ને તેનો ખરો ખ્યાલ તો ટીકાના વાંચકોને જ થાય. આમાં ગુરૂસ્તુતિ છે અંતરૂશત્રુને અને બહિર્શત્રુને યાદ કરી ષટ્દર્શનના મૂળ પુરૂષોને સંભાર્યો છે.

આવુંજ એક બીજું સૂત્ર ટાંકુ.

स्वपरव्यवसायि ज्ञानं प्रमाणं ॥ २ ॥

પ્રથમ પરિચ્છેદ.

पक्षहेतुवचनात्मकं पदार्थानुमानमुपचारात् ॥ ३ ॥

તૃતીય પરિચ્છેદ.

સૂત્રો કેવાં સરલ ને સુંદર છે સાથે તેની ગૂઢતાને ગાંભીર્યતા પણ દર્શન શાસ્ત્રીઓને આનંદ આપે તેવી છે.

જૈનદર્શનના અણમૂલાં તત્વ રત્નોના મહાસાગર સમાન એ કૃતિનું યથાર્થ નામ સ્યાદ્વાદ રત્નાકર છે. કે જે ૮૪૦૦૦ શ્લોકથી સુગ્રથિત—સુશોભિત છે. સ્યાદ્વાદ રત્નાકર એટલે શ્રીજીનેશ્વર ભગવાને અભિષ્ટ સ્યાદ્વાદ સિદ્ધાંતનું પ્રતિપાદન કરનાર મહાસાગર જેમાં ઈતરદર્શનોનું એવું તો સરસ યુકિત પુરઃસર નિરસન કર્યું છે કે, જે વાંચતાં આપણું હૃદયકમલ કોઈ અનેરા ભાવોથી સુવિકસિત બને છે. ભલભલા પ્રખરવાદીઓને અંદરને અંદર ગુંગળાવી મારનાર મહાસાગર જૈનદર્શનના સમસ્ત તાર્કિક ગ્રંથોમાં મુકટમણી સમાન આ ગ્રંથની સ્તુતિ ઘણા ઘણા આચાર્યોએ મુક્ત કંઠે કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું દીલગીર છું કે સ્થાનના અભાવે તે બધાને સ્થાન નથી આપી શકતો તોપણ ટુંકાણમાં થોડાં સ્તવનો આપી વિરમીશ.

प्रमेयरत्न कोटीभिः पूर्णो रत्नाकरो महान्

( રત્નપ્રભાચાર્ય. )

स्याद्वादरत्नाकर तर्कवेधा मुदे सकेषां नहि देवसूरिः

( મુનિ સુંદરસૂરિ. )

स्याद्वाद रत्नाकर इत्यस्ति तर्को महत्तमो वादि वृन्दारक श्रीमद्देवसूरि विनिर्मितः

( મલધારી રાજશેખરસૂરિ. )

ભાવાર્થ—શ્રીદેવસૂરિએ બનાવેલો મહાન તર્કવાળો સ્યાદ્વાદ રત્નાકર ગ્રંથ છે.

स्याद्वादपूर्वकं रत्नाकरं स्वादुवचोऽमृतम् प्रमेयशत रत्नाढ्यममुक्तंस किलश्रिया २८०

पीतान्दृष्टवा पुरा कुंभोद्भवेनांभोनिधीनिह परवादि घटोद्भूट शतागम्यं व्यधा न्नवम् २८१

સારા વચનો યુકત અમૃતથી ભરપુર ને કરોડો યુકિત રત્નોથી પરિપૂર્ણ ને સારી શોભાવાળો આ સ્યાદ્વાદ રત્નાકર છે. કે જે સેંકડો વાદી રૂપી અગસ્ત્ય ઋષીઓથી ન પીવાય એવો અપૂર્વ ગ્રંથ શ્રી વાદીદેવસૂરીએ બનાવ્યો છે.

( દરેક સમુદ્ર કરતાં સ્યાદ્વાદ રત્નાકર સમુદ્રમાં ઘણો તફાવત છે, કારણ કે સમુદ્રમાં પાણી ખારૂં હોય છે, ત્યારે આ સ્યાદ્વાદ રત્નાકર સુંદર વાણી અમૃતથી ભરપૂર છે. બીજા સમુદ્રને લક્ષ્મીએ ત્યાગી દીધા છે, ત્યારે આ સ્યાદ્વાદ રત્નાકર સારી શોભા–લક્ષ્મીથી યુકત છે. બીજા સમુદ્રને અગસ્ત્ય ઋષિ પી જાય છે ત્યારે આ સ્યાદ્વાદ રત્નાકર વાદી રૂપી અગસ્ત્ય ઋષિથી ન પીવાય એવો અપૂર્વ છે. )

આવી રીતે અનેક ગ્રન્થોમાં સ્યાદ્વાદ રત્નાકરની મહત્તાના ઉલ્લેખો ભર્યા છે. આ ગ્રન્થનું મૂળ નામ '**પ્રમાણુનય તત્વાલોકાલંકાર**' છે ને સ્યાદ્વાદ રત્નાકર તેની બ્રહદ્વૃત્તિ છે. આ મૂળ ગ્રન્થ ઉપર તેમના વિદ્વાન શિષ્યરત્ન શ્રી રત્નપ્રભાચાર્યે એક લઘુ ટીકા–એટલે લગભગ ૫૦૦૦ શ્લોકની રચેલી છે. તેનું નામ **રત્નાકરાવતારિકા** છે. આ ટીકા સ્યાદ્વાદ રત્નાકર–મહાસાગરમાં પ્રવેશ કરનારને નાવિકા સમાન સુંદર છે. રત્નપ્રભાચાર્ય પણ સારા દર્શનશાસ્ત્રી ને સારા વૈયાકરણી ને સાહિત્યપ્રેમી છે. તેમણે ટીકા એવી સુંદર સુશ્લીષ્ટ બનાવી છે કે તેના વાંચક મધુકરો નવનવા રસો સ્થલે સ્થલે મેળવી તેમના જ્ઞાનામૃતથી તૃપ્ત બને છે. પ્રમાણુનયતત્વલોકાલંકાર સિવાય બીજા ગ્રન્થો પણ આ મહાત્માના છે. પ્રભાત સ્મરણ કૂલક, મુનિચંદ્રસૂરિ સ્તુતિ, 'શ્રાવક ધર્મ કુલક,' ઇત્યાદિ ગ્રન્થો છે; પરંતુ મેં હજી તેના દર્શન પણ નથી કર્યાં; સ્યાદ્વાદ રત્નાકરમાં પ્રવેશ કરવા માટે નોકામાં બેસી એ સાગરને કાંઠે રહી તેના ઉડતા રસામૃતના શિકરો—અમૃત બિંદુઓનું પાન કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ મહાન રત્નાકરના દર્શનનું પરમ સૌભાગ્ય પામી અંદર ડુબકી મારી અમૃત રસ પીવાનો પ્રયત્ન કરૂં છું. અત્યારે તો એ પણ એક સૌભાગ્યનો વિષય છે. આવી રીતે અઢંગ શાસનસેવક જૈન દર્શનને ગૌરવવન્તુ બનાવી તેનાં મૂળીયાં વધુને વધુ દૃઢ–મજબુત કરી જૈન દર્શનની વિજયપતાકા વિજયવન્તિ બનાવી ચારે દિશામાં પોતાના વાદની પ્રભૂત શક્તિથી પોતાની કીર્ત્તિ નટડીને પહેરાવી; જાણે ભૂલોકમાં તે કીર્ત્તિ બધે ફરીવળી હોય તેમ સ્વર્ગલોકમાં બૃહસ્પતિને જીતી, પોતાની શક્તિનો પરિચય આપવા ગઈ હોય તેમ તેમના સ્થૂલ દેહને ત્યાગી તેમની સાથે તેમની કીર્ત્તિ સ્વર્ગલોકમાં પહોંચી ગઇ. તેના વિજયનાદના ભણકાર હજી પણ કર્ણપુટને ભરી દે છે. આ મહાત્માએ ૮૩ વર્ષનું દીર્ઘાયુષ્ય ભોગવ્યું છે. ૧૧૪૩ માં જન્મને ૧૨૨૬ શ્રાવણ વદ ૭ દિવસે સ્વર્ગગમન કર્યું. ૭૪ વર્ષ દીક્ષાપર્યાય પાળ્યો છે. ૧૧૫૨ માં તેમની દીક્ષા થઇ હતી. ૫૨ વર્ષ સૂરિપદ ભોગવ્યું. ૧૧૭૪ માં તેમની આચાર્યપદવી થઇ હતી. પ્રભાવક ચરિત્રમાં નિચે પ્રમાણે ઉલ્લેખ છે.

शिखिवेद शिवे ११४३ जन्म दीक्षायुग्म शरेश्वरे, ११५२
वेदाश्वशंकरे वर्षे ११७४ सूरित्वमभवत्प्रभोः २८६
नवमे वत्सरे दीक्षा एकाविंशत्तमे तथा
सूरित्वं सकलायुश्च त्र्यशीतिवत्सरा अभूत्. २८७

**ભાવાર્થ**—૧૧૪૩ માં જન્મ, ૧૧૫૨ દીક્ષા, ૧૧૭૪ માં આચાર્યપદ, નવમે વર્ષે દીક્ષા, ૨૧ મે વર્ષે સૂરિપદ, કુલ આયુષ્ય ૮૩ વર્ષ. ૧૨૨૬ માં સ્વર્ગ.

---

૧ પ્રમાણનય તત્ત્વલોકાલંકાર ને રત્નાકરાવતારિકાનું હિન્દી ભાષાંતર પંડિતવર્ય **બંસીધર શર્માએ** કર્યું છે. પરંતુ મારે સખેદ કહેવું પડે છે કે તેમાં તેઓ તદ્દન નિષ્ફળ નિવડ્યા છે. જૈન દર્શનથી અજ્ઞાત જૈનેતર પંડિતો કેવાં ભાષાંતરો કરે તેનો આ સુંદર નમુનો છે. કેટલેક સ્થલે એવી તો અક્ષમ્ય ભૂલો છે કે જે વાંચતાં એમજ થાય કે કાંતો તેમણે 'કોણ જોનાર છે' તેમ સમજી વેઠ ઉતારી છે અથવા તેની યોગ્ય પ્રક્રિયા સમજ્યા નથી. હું તેના યોગ્ય દાખલા આપું છું.

**અનુમેયે થ તત્તુલ્યે સદભાવો નાસ્તિતાડસતી** આ ટીકાકાર ધર્મ કીર્ત્તિનું સંગૃહિત વચન છે, તેનું ભાષાંતર જુઓ. અનુમેયે થતુલ્યે સદભાવો નાસ્તિતાડ સતી છે, યહ ધર્મ કીર્ત્તિકા વચન જરૂર વંચિત હી કીયા. દ્વિતીય પરિચ્છેદ પૃ. ૯૭. એકાદ બે સ્થલે આ મૂળ સૂત્ર છે કે ટીકા છે તેનો પણ ખ્યાલ નથી રહ્યો. અરે એટલુંજ નહિ પણ શ્લોક છે કે ગદ્ય ટીકા છે તેની પણ દરકાર તે પંડિતરત્ને નથી રાખી. એકાદ બે સ્થલે એવો વિસંવાદ છે કે જે વાંચતાં જરૂર ખેદ થાય. બાકીના સંસ્કૃત શબ્દો પરિભાષાઓ તો એમને એમ મુકી છે. કેટલાક શ્લોકોનું ભાષાંતર નથી કર્યું તે લાભમાં.

લેખક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઉપસંહાર.

આ મહાન્ સૂરિ પુંગવ–સૂર્ય ઈતરદર્શનરૂપી ઘુવડોને પરાસ્ત કરી, શ્વેતામ્બર દર્શનને મજબુત કરી, દિગમ્બરોના ભયને તોડી નાખી રાજસભામાં જય પતાકા મેળવી—સિદ્ધરાજ જયસિંહને હાથે જયપત્ર મેળવી, આર્હત્ધર્મની ઉદ્દઘોષણા બજાવી, સ્યાદ્વાદ રત્નાકર ( કે જેનો જોટો બીજો નથી. ) જેવો જૈનદર્શનના તત્ત્વોનો મહાસાગરરૂપ ગ્રંથ બનાવી; અનેક પ્રતિષ્ઠાઓ કરી આજીવન નિરાબાધપણે શાસનસેવા બજાવી, સ્વર્ગે સિધાવ્યા. ભલે તેઓશ્રીનો સ્થૂલ દેહ અહીં વિદ્યમાન ન હો, પરંતુ તેમનો યશ:ચંદ્ર તો ચિરકાલ પર્યંત જૈનદર્શન નભોગણને દેદિપ્યમાન જ રાખશે. તેમની યશ:પટ્ટીકા હજી સુવર્ણાક્ષરે કોતરાયેલી પડી છે-ને રહેશે. બસ અન્તમાં આ મહાન્ આચાર્ય ભૂતલમાં ચિરકાલ પર્યંત જય પામો ને મારા જેવા પામરો, ભક્તોનો ઉદ્ધાર કરો એજ અભ્યર્થના.

ॐ शान्तिः शान्तिः शान्तिः

વઢવાણકેમ્પ. } લે. મુનિ ન્યાયવિજય.

## શ્રદ્ધા.

"Trust thyself; every heart vibrates to that iron string"—
*Emerson.*

અંતઃકરણમાં જ્યારે કોઈપણ વસ્તુ, વિચાર કે વ્યક્તિ પ્રત્યે પ્રેમનો આવિર્ભાવ અથવા તો આદર વૃત્તિ ઉત્પન્ન થાય છે ત્યારે શ્રદ્ધા ઉદય પામે છે. વિશ્વના સામાન્ય વ્યવહારમાં આપણે અનેક વ્યક્તિઓ અને વસ્તુઓના સંસર્ગમાં આવીએ છીએ પણ તે સર્વે આપણા હૃદયને સ્પર્શી શકતાં નથી, પણ જ્યારે આપણને કોઈપણ વસ્તુ, વિચાર કે વ્યકિતના બાહ્ય અથવા આંતર સ્વરૂપમાં સૌન્દર્યના દર્શન થાય છે ત્યારે આપણું અંતઃકરણ તે તરફ આકર્ષાય છે. પ્રાકૃત માનવી સૌન્દર્યના કલેવરનો કામી છે; જ્ઞાની સૌન્દર્યના આત્માનો પ્રેમી છે. વિચાર કે વિવેક વિના, બાહ્ય સૌન્દર્યથી મુગ્ધ થઈ માનવી જ્યારે કોઈપણ વસ્તુ કે વ્યકિત પ્રત્યે આકર્ષાય છે ત્યારે અંધશ્રદ્ધા ઉદય પામે છે. અંધશ્રદ્ધામાં અજ્ઞાનની છાયા હોય છે, તેમાં પાત્રાપાત્રનો વિવેક હોતો નથી. બાહ્ય સૌન્દર્યથી મુગ્ધ ન થતાં માનવી જ્યારે વસ્તુના ગર્ભમાં રહેલા સૌન્દર્યના આત્માને પૂજે છે ત્યારે સાત્વિક શ્રદ્ધા ઉદય પામે છે. સાત્વિક શ્રદ્ધામાં જ્ઞાનનો શુભ પ્રકાશ હોય છે; અંધશ્રદ્ધામાં અજ્ઞાનની શ્યામ છાયા હોય છે. એક જ્ઞાનમૂલક હોય છે; બીજી અજ્ઞાનમૂલક હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધાથી જ્ઞાનનો આરંભ થાય છે. બાલ્યાવસ્થામાં જ્યારે બુદ્ધિ વિકસેલી હોતી નથી ત્યારે બાળક સર્વ વસ્તુ શ્રદ્ધાથી ગૃહણ કરે છે. વય વધતાં તેની બુદ્ધિ જેમ વિકસે છે તેમ તેને વસ્તુના તત્ત્વનું જ્ઞાન થાય છે. આપણા અલ્પ જીવનમાં જ્ઞાનના વિવિધ પ્રદેશો ખેડવાનું અસંભવિત છે. જ્ઞાન અનન્ત છે; જીવન અલ્પ છે. આપણી વામન બુદ્ધિમાં જ્ઞાનના વિશાળ પ્રદેશમાં વિહરવાનું સામર્થ્ય હોતું નથી. આથી સાહિત્યના વિવિધ અંગનો અભ્યાસ તે તે અંગના સમર્થ જ્ઞાની પર શ્રદ્ધા રાખી કરવો અત્યંત શ્રેયસ્કર છે. જ્ઞાનીના જ્ઞાનથી આપણા જ્ઞાનની વૃદ્ધિ થાય તે અત્યંત ફળદાયી છે. પણ પંડિતોના પાંડિત્યના પ્રખર તાપથી કે વિદ્વાનોમાં વિલસતી *વિદ્યા વિદ્યુતથી* આપણી બુદ્ધિની પ્રભા કે આત્માનો પ્રકાશ ન ઝંખવાય તે માટે સાવચેતી રાખવી જોઇએ. શાસ્ત્રની સુવર્ણ કુંચીઓથી આત્મજ્ઞાનના દ્વાર ઉઘડતાં નથી. આપણામાં સુષુપ્તિ દશામાં પડેલી શક્તિને જાગૃત કરવાથી દિવ્ય જ્ઞાનના દ્વાર ખુલે છે. આત્માથી જ આત્માનો ઉદ્ધાર થાય છે.

આપણી બુદ્ધિમાં તર્કનું તત્વ પ્રાધાન્ય ભોગવે છે. બુદ્ધિનો ધર્મ શંકા અને તર્ક કરવાનો છે. શંકાથી જ્ઞાનનો આરંભ થાય છે; સમાધાનથી તેની પૂર્ણાહુતિ થાય છે. બુદ્ધિમાંથી જ્યારે તર્ક વિર્તક અસ્ત પામે છે ત્યારે નિશ્ચયાત્મક જ્ઞાન ઉદય પામે છે. નિશ્ચયાત્મક જ્ઞાનની અનસ્ત પ્રભા ધ્રુવ તારલાની માફક આપણા જીવનપંથને અનંતકાળ માટે ઉજમાળે છે. તર્ક વિર્તક જ્યાં સુધી બુદ્ધિમાં વિક્ષેપ ઉપજાવે છે ત્યાં સુધી જ્ઞાન સ્થિરતાને પામતું નથી. સર્વ કર્મનો ક્ષય થવાથી જેનામાં જ્ઞાન સોળે કળાએ પ્રકાશે છે એવા વીતરાગના વચનનું અવિરામ મનન કરવાથી તર્ક વિતર્ક અસ્ત પામે છે, અને વિમળ જ્ઞાન પ્રકટે છે. અંતઃકરણમાં વીતરાગ કથિત વચનપર ગાઢ પ્રીતિ અથવા ઉત્કટ અભિરુચિ ઉત્પન્ન થવી તેનું નામ શ્રદ્ધા. શ્રદ્ધા સમ્યગ્ દર્શનનો આત્મા છે. વીતરાગ કથિત તત્વનું સતત ચિંતન કરવાથી વીતરાગે દર્શાવેલા માર્ગે આપણું જીવન દોરવાની અંતઃકરણમાં પ્રેરણા સ્ફુરે છે. તે પ્રેરણાને આપણા જીવનમાં અપનાવવાથી આપણે અભયકુમાર માફક અક્ષય પદને પામીશું.

પુણ્યના મહાયોગથી માનવી સરસ્વતીનો પ્રસાદ પામે છે. વિધાતા પ્રત્યેક માનવમંદિરમાં સરસ્વતીનાં મયૂરાસન માંડતી નથી. તેજસ્વી બુદ્ધિવાળા પ્રભાવશાળી પુરૂષો તત્વજ્ઞાનનું તલસ્પર્શી જ્ઞાન મેળવી શકે છે; શાસ્ત્રના ઉંડા રહસ્યો ઉકેલી શકે છે. સામાન્ય બુદ્ધિવાળા પુરૂષો શાસ્ત્રના ઉંડાણમાં પ્રવેશ કરી શકતા નથી. આથી સદ્‌ગુરૂનો યોગ કરવો અત્યંત શ્રેયસ્કર છે. ગુરૂની અનેક પ્રકારે સેવા કરવાથી માનવી સરસ્વતીનો પ્રસાદ પામે છે. 'ગુરૂ વિના જ્ઞાન નહિં' એ વાક્યમાં ગૂઢ રહસ્ય રહેલું છે. ગુરૂના ચરણની રજનો અભિષેક થયા વિના આપણામાં દિવ્ય જ્ઞાનનો આવિર્ભાવ થતો નથી. ગુરૂજ્ઞાનના પિયૂષ પાને આપણામાં અમૃતત્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે ઉત્કટ અભિલાષા જાગૃત કરે છે. ગુરૂની અનન્ય પ્રકારે સેવા કરવાથી સાધ્વી પુષ્પચુલાએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

શ્રદ્ધા કરવામાં વિવેક વાપરવો જોઇએ. આપણે જે વસ્તુપર શ્રદ્ધા કરીએ છીએ તેના ગુણોથી આપણું જીવન રંગાય છે. પંખીઓ પણ જે વૃક્ષમાં વાસ કરે છે તેની પાંદડીઓથી રંગાય છે. અદીઠ રીતે આપણે જેના પર શ્રદ્ધા કરીએ છીએ તેના વિચાર અને વર્તનની છાયા આપણા જીવન પર પડે છે. તેની નીતિરીતિના તાણાવાણાથી આપણો જીવનપટ વણાય છે. આથી શ્રદ્ધાનો આદર્શ ઉચ્ચ અને ઉજ્જવળ હોવો જોઇએ. આપણે જે પુરૂષ પર શ્રદ્ધા કરીએ તે આદર્શ મહાત્મા કે મહર્ષિ હોવો જોઇએ. આત્મજ્ઞાનની અમર રેખાઓ તેના વદનપર વિલસતી હોવી જોઇએ; પ્રેમના દિવ્ય પરિમલથી તેનું હૃદય ઉપવન મઘમઘી રહેવું જોઇએ. ચારિત્રની ઉજ્જવળ પ્રભાથી તેનું જીવન પ્રકાશતું હોવું જોઇએ. જ્ઞાની, સમદર્શી અને ચારિત્રશીળ ગુરૂની છાયામાં વસવું અત્યંત શ્રેયસ્કર છે. કલ્પતરૂની માફક તે આપણા જીવનના મનોરથ સિદ્ધ કરશે. આત્મજ્ઞાની અને આત્મદર્શી ગુરૂના ચરણ કમલનો આશ્રય કરવાથી આપણું અજ્ઞાન દૂર થશે અને આપણને આત્મ-વિકાસના માર્ગનું રેખાદર્શન થશે.

દુનિઆમાં અનેક સંપ્રદાયો અને મતમતાંતરો પ્રવર્તે છે. તેમનો પ્રધાન ઉદ્દેશ સત્યનું પ્રતિપાદન કરવાનો હોતો નથી; પણ પોતાના સંપ્રદાયની પ્રતિષ્ઠા સ્થાપન કરવાનો હોય છે. પોતાના સંપ્રદાયનાં ગીતો ગાવામાં તેઓનું સત્ય ગૌરવ ભૂલે છે. આવાં સંપ્રદાયના શાસ્ત્રોમાં નથી હોતા આત્માના અમર ગુંજારવ કે સત્યના અનંત પ્રકાશ, આવાં શાસ્ત્રો બુદ્ધિવિલાસની રંગભૂમિ છે. તેમાં સત્યને નામે અસત્યનાં પૂજન થાય છે, અને તેમાં વામમાર્ગની તો વાતજ ન કરવી. મદિરાપાનમાં મહત્તા માનનાર; સ્ત્રીસેવનમાં સફળતા સમજનાર અને વર્તમાન જીવનમાં રંગ-રાગમાં જીવનનું ગૌરવ લેખનાર, વામમાર્ગને તો નવ ગજના નમસ્કાર. આથી વિવિધ સંપ્રદાયોના બુદ્ધિવિલાસ કે બાહ્ય સૌન્દર્યથી ન અંજાતા કે આકર્ષાતા, રાગ દ્વેષ અસ્ત પામવાથી, સમદર્શી અને સર્વ કર્મનો ક્ષય થવાથી સર્વજ્ઞ, એવા વીતરાગના વચનપર અનંત શ્રદ્ધા રાખી જીવનપંથ કાપવો અત્યંત કલ્યાણકારી છે.

માનવબુદ્ધિ મર્યાદિત છે. ઇન્દ્રિયો દ્વારા આપણને જ્ઞાન થાય છે અને તે જ્ઞાન જ્ઞાતા અને જ્ઞેયના દ્વંદ્વની અપેક્ષા રાખે છે. દ્વંદ્વ દ્વારા આપણને પરિમિત જ્ઞાન થાય છે, પ્રાચીન સમયમાં પ્રવર્તતા તત્વજ્ઞાનના સિદ્ધાંતો અને વિજ્ઞાનની માન્યતાઓ અર્વાચીન જગતની દૃષ્ટિએ અસત્ય ઠર્યાં છે. આનું કારણ માનવ બુદ્ધિની અપૂર્ણતા છે. ભવિષ્યમાં અર્વાચીન જગતની માન્યતાઓ અને સિદ્ધાંતોપર કંઇક નવુંજ અજવાળું પડશે. માનવ બુદ્ધિની મર્યાદા એ આપણા જ્ઞાનની મર્યાદા છે. બુદ્ધિમાં જ્ઞાનના અનંત પ્રદેશમાં વિહરવાનું સામર્થ્ય હોતું નથી. બુદ્ધિની સીમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓળંગી જ્યારે આપણે અતિન્દ્રિય પ્રદેશમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે આપણને સત્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે. બુદ્ધિનું કાર્ય જ્યાં સમાપ્ત થાય છે, ત્યાં શ્રદ્ધાના કાર્યનો આરંભ થાય છે. બુદ્ધિ જે પ્રદેશને સ્પર્શી શકતી નથી તે પ્રદેશમાં શ્રદ્ધાના પ્રભાવથી આપણે અલ્પ સમયમાં પ્રવેશ કરીએ છીએ. શ્રદ્ધા અને પ્રેમની દિવ્ય પાંખોથી માનવી જ્ઞાનના અનન્ત આકાશમાં વિહાર કરી શકે છે. અતિન્દ્રિય પ્રદેશમાં પ્રવેશ કરી જે મહાત્માઓએ આત્માનું અણમોલું જ્ઞાન જગતને ચરણે ધર્યું છે તે મહાત્માઓના વચનપર અનન્ય શ્રદ્ધા રાખી તે પ્રમાણે વર્ત્તન કરવાથી આપણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકીશું. જ્ઞાની પુરુષોના વચનપર પૂર્ણ શ્રદ્ધા રાખી તેમણે દર્શાવેલા માર્ગે ધૈર્ય, ઉત્સાહ અને આનંદથી વિચરવાથી આપણે સિદ્ધિ મેળવી શકીશું. શ્રદ્ધા વિના સત્ય જ્ઞાન અસંભવિત છે. અજ્ઞેય વસ્તુપર અંતઃકરણમાં સત્ય બુદ્ધિ ઉત્પન્ન થવી તેનું નામ શ્રદ્ધા. Faith is the intuitive cognition of things unseen.

બુદ્ધિ જ્ઞાન પ્રાપ્ત કરવાનું સાધન છે, શ્રદ્ધા જ્ઞાન સિદ્ધ કરવાનું સાધન છે. બુદ્ધિથી વિચાર સ્ફુરે છે; શ્રદ્ધાથી કાર્ય સિદ્ધ થાય છે. બુદ્ધિના પ્રભાવથી આપણે નીતિના સનાતન નિયમોનો બોધ મેળવી શકીએ છીએ; શાસ્ત્રનું સૂક્ષ્મ જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ છીએ અને તત્વજ્ઞાનના ઉંડા રહસ્યો ઉકેલી શકીએ છીએ. પણ જ્યાં સુધી અંતઃકરણમાં એ સર્વે પ્રત્યે તીવ્ર શ્રદ્ધા ઉત્પન્ન થતી નથી ત્યાંસુધી એ જ્ઞાન વંધ્ય રહે છે. કેસુડાના ફુલની માફક તે લોકોની દૃષ્ટિ આંજે છે, પણ તેથી વ્યકિત કે સમાજનું જીવન સુવાસિત બનતું નથી. શ્રદ્ધા ઉત્પન્ન થતાં હૃદયનો વેગ શ્રદ્ધાના વિષય પ્રત્યે લાગે છે. શ્રદ્ધાનો ઉદય થતાં અંતઃકરણમાં શ્રદ્ધાના વિષય આકાર રૂપે વૃત્તિ ઉત્પન્ન થાય છે, અને વૃત્તિનો પ્રવાહ તીવ્ર અને પ્રબળ થતાં માનવીને શ્રદ્ધાના વિષયનુંજ કેવળ ધ્યાન રહે છે. તેના અંતઃકરણમાં કોઈ પણ અન્ય પ્રકારની વૃત્તિ વિક્ષેપ ઉપજાવતી નથી. વૃત્તિના સંવેગના પ્રમાણમાં મનુષ્ય સાક્ષાત્કાર અનુભવે છે. શ્રદ્ધા જ્ઞાનમાં ચૈતન્ય રેડી મનુષ્યને તેના જીવનનો આદર્શ સિદ્ધ કરવા પ્રેરે છે. શ્રદ્ધાના પ્રભાવથી મનુષ્યમાં અનંત વીર્ય સ્ફુરે છે; તેના સંકલ્પમાં અપૂર્વ સંવેગ જન્મે છે, તેની પ્રવૃત્તિમાં અવર્ણ્ય ઉલ્લાસ અને આનંદ પ્રગટે છે, શ્રદ્ધા સંકલ્પનો પ્રાણ છે; જ્ઞાનનો આત્મા છે અને સિદ્ધિની શકિત છે.

કેવળ શાસ્ત્રપરની શ્રદ્ધા ફળતી નથી. શાસ્ત્રના વચન અનુસાર વર્તન કરવાનું આપણામાં સામર્થ્ય હોય તોજ તે વચન ફળે છે. કેવળ શાસ્ત્રપરની શ્રદ્ધા વંધ્ય છે કર્મના અનેક પ્રકારો જાણ્યા છતાં અને તત્વાર્થ સૂત્રનું સૂક્ષ્મજ્ઞાન મેળવ્યાં છતાં જો રાજહંસની માફક આત્મા અનાત્માનો વિવેક ન થાય તો તે જ્ઞાનરાશિ આપણને તારવાને બદલે ડુબાવશે. ચંદનવાહી ગર્દભની માફક તે જ્ઞાનજીવનને સુવાસિત નથી કરતું. બુદ્ધિના વૈભવથી આત્મવૈભવ નથી મળતો, શાસ્ત્રની શ્રદ્ધા કરતાં આપણા પોતાના સામર્થ્યપર અનન્ત શ્રદ્ધા હોવી જોઈએ. આપણામાં રહેલા અનંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીર્યનો શ્રદ્ધામાં વિનિયોગ કરવાથી આપણે રિદ્ધિ મેળવી શકીશું. આપણે વ્યક્તિ અને વિશ્વના વિજેતા બનીશું. આપણી અંદર રહેલી અનંત શક્તિને જાગૃત કરવાથી આપણે દુઃખના ડુંગરોમાંથી આપણો વિજયપંથ કાપી શકીશું. વિશ્વમાં એવી કોઇ વસ્તુ નથી કે જે આપણી શક્તિથી સાધ્ય ન થઇ શકે. શકિતનો સર્વત્ર વિજય છે, એ શક્તિના પ્રભાવથી સુકોમળ પુષ્પની પાંદડીએ પાંદડીએ કુમળી પ્રભા ફુટે છે; યૌવનને આંગણે પગ માંડતી કુમારિકાના અંગમરોડથી મદનરાજના વિજય મંડાય છે; રસરાજ રસરાણીના અંતરમાં રસચંદ્રિકાની મીઠી મોહીની વરસાવે છે અને યોગીરાજ પ્રભુના અધરની મુરલી બની વિશ્વકુંજમાં વિરાટ સંગીતનું માધુર્ય રેલાવે છે.

શ્રદ્ધા ઉત્પન્ન થયા પછી આપણે જે સત્યનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કર્યો હોય તે સત્યને જીવનમાં મૂર્તિમંત કરવાનો દઢ સંકલ્પ કરવો જોઇએ. અડગ સંકલ્પથીજ કાર્ય સિદ્ધિ થાય છે. આપણા સંકલ્પમાં વિક્ષેપ અને વિકલ્પ ઉપજાવનારી વસ્તુઓનો ત્યાગ કરવાથી આપણે સિદ્ધિ મેળવી શકીશું. આત્મનિરીક્ષણ કરવાથી આપણા સંકલ્પમાં અસ્થિરતા અને વિકલતા ઉપજાવનારી વસ્તુઓનું આપણને જ્ઞાન થશે. સ્વાથની લાગણીઓ, સુખની કામનાઓ અને ભોગની વૃત્તિઓ આપણા સંકલ્પને નિર્બળ કરી અને આપણને નિઃસત્વ કરી આપણા જીવનપર નિરંકુશ સામ્રાજ્ય ભોગવે છે. આસક્તિ અને કામનાઓપર આપણું પ્રભુત્વ સ્થાપન કરવાથીજ આપણે આપણા જીવનમાં સત્યનું સામ્રાજ્ય સ્થાપન કરી શકીશું. મનોનિગ્રહ અને ઇન્દ્રિયોના સંયમથી આપણે આસક્તિ અને કામનાઓપર આપણું સ્વામિત્વ સ્થાપન કરી શકીશું. જેમ જેમ આપણે આત્મ–સંયમ કેળવીશું તેમ તેમ આપણામાં આત્મશકિતનો આવિર્ભાવ થશે. આત્મ શકિતના પ્રભાવથી આપણામાં દિવ્ય જ્ઞાનનાં કિરણો ફૂટશે.

આત્મશ્રદ્ધાના પ્રભાવથી મનુષ્યમાં આત્મશકિતનો આવિર્ભાવ થાય છે. આત્મશક્તિનો આવિર્ભાવ થતાં વિશ્વમાં કાર્ય કરી રહેલી અનંત શક્તિ મનુષ્યને સહાય કરે છે. એ શકિતના પ્રભાવથી મનુષ્યને પ્રત્યેક કાર્યમાં સિદ્ધિ વરે છે. એ શકિતના પગલે પગલે વિજયના સ્વસ્તિક પૂરાય છે. આત્મજ્ઞાનથી મનુષ્યને તેની અંદર રહેલી અનન્ત શકિતની પ્રતીતિ થાય છે; આત્મસંયમથી મન અને ઇન્દ્રિયોપર પ્રભુત્વ મેળવી માનવી એ શક્તિનો જીવનમાં આવિર્ભાવ કરી શકે છે; આત્મશ્રદ્ધાથી એ શકિતનો વિનિયોગ તેના આદર્શમાં કરવાથી તે સિદ્ધિ પ્રાપ્ત કરે છે. જે માનવીના જીવનમાં આત્મજ્ઞાન, આત્મસંયમ અને આત્મશ્રદ્ધાની ત્રિવેણીનો સંગમ થાય છે તેનું જીવન પુણ્યતીર્થરૂપ બને છે.

શ્રીમાળીપોળ
ભરૂચ તા. ૧૦ સપ્ટેમ્બર ૧૯૨૫ } ઉત્તમચંદ લલ્લુભાઇ ઝવેરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સદાચાર અથવા સત્ક્રિયા.

( ગતાંક પૃષ્ઠ ૪૮ થી શરૂ. )

**વિઠ્ઠલદાસ મૂ. શાહ.**

કદાચ એમ કહેવામાં આવે કે દરિદ્રતાને સદાચારની સાથે કંઇક સંબંધ છે તો તે કથન કેટલેક અંશે ઠીક હોઈ શકે. મહાપુરૂષો તો હંમેશાં દરિદ્રજ હોય છે અને જો સંયોગવશાત્ કોઇનો જન્મ કોઇ સંપત્તિમાન કુલમાં થઈ જાય તો તેઓ પોતાની સંપત્તિનો ત્યાગ પણ કરી દે છે. આ સંબંધમાં ભગવાન મહાવીર, મહાત્મા બુદ્ધ, રાજા ભરથરી, રાણી મીરાંબાઈ, કાંઉટ ટોલ્સ્ટોય વિગેરેના ઉદાહરણો જ્વલંત અને સુપ્રસિદ્ધ છે. પરંતુ જે લોકો દરિદ્ર હોય છે અથવા દરિદ્ર ઘરમાં જન્મ લે છે તેનો મોટો ભાગ પ્રાયે કરીને સરળ, સત્યનિષ્ટ અને સદાચારીજ હોય છે. એટલુંજ નહિ પણ તેઓની સરળતા તથા સત્યનિષ્ટાજ તેઓને આજીવન દરિદ્ર રાખવામાં કારણભૂત બને છે. તેઓ પોતાની સરળતા તથા સત્યનિષ્ટાને લઇને કદિ પણ જુઠું બોલતા નથી, કોઈનું ધન અપ્રમાણિકતાથી લેતા નથી, અને કોઇ પણ જાતનું છળકપટ કરતા નથી તેઓ નોકરી કરતા હોય કે વેપાર કરતા હોય, તેઓની આર્થિક સ્થિતિ હમેશાં એક સરખીજ રહે છે એવાજ લોકોને માટે કહેવામાં આવ્યું છે કે "હમારે પ્રભુ, નિર્ધન કો ધન રામ" જે લોકોનો એવો સિદ્ધાંત હોય છે તેઓ કદિ અનીતિ અથવા અધર્મના માર્ગપર જઈ શકતા નથી. તેઓનું હૃદય હમેશાં સંતુષ્ટ અને બલિષ્ટ રહે છે. અને તેઓનો સદાચાર એક સામ્રાજ્ય કરતાં પણ વિશેષ હોય છે. મૃચ્છકટિક નાટકમાં ગરીબ બ્રાહ્મણ ચારૂદત્ત પોતાની કર્ત્તવ્ય–બુદ્ધિને લઈને કેવી ઉદારતા, સત્યતા, સહૃદયતા બતાવે છે ? તેને પોતાનાં ધન અથવા વૈભવના નાશની ચિંતા નથી થતી, પરંતુ માત્ર એટલીજ ચિંતા રહ્યા કરે છે કે " **चीणार्थमित्यतिथयः परिवर्जयंति** " હુ દરિદ્ર છું, અને એટલા માટે મારે ઘરે અતિથીઓ પણ નથી આવતા. ખ્રીસ્તી ધર્મમાં સુધારો કરનાર પ્રસિદ્ધ માર્ટિન લ્યુથર એટલો બધો દરિદ્ર હતો કે તેને કોઈ કોઇ વખત પોતાના નિર્વાહને અર્થે મહેનત મજુરી પણ કરવી પડતી હતી. છતાં તેનું શ્રેષ્ઠ ચારિત્રજ તેનું સર્વોપરિ ધન હતું.

નિષ્ઠા અને દૃઢતા પૂર્વક જે કાર્ય કરવામાં આવે છે તેમાં બહુધા સફલતાજ મળે છે, પરંતુ તેની સાથે પોતાની શક્તિનું અનુમાન તથા સત્ય અને ન્યાયનું અનુસરણ પણ કરવું જોઈએ. એમ કરવાથી મનુષ્ય સર્વ સાંસારિક કાર્યો સ્હેલાઈથી કરી શકે છે અને તેના ઉત્સાહમાં અતુલ વૃદ્ધિ થાય છે. સત્યને માત્ર આપણા ધર્મ, કર્મ અને કર્ત્તવ્ય વિગેરેનોજ નહિ, પરંતુ સમસ્ત વિશ્વનો આધાર માન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાં આવે છે. પ્રાયે કરીને લોકો પણ એમ કહે છે કે સત્ય ઉપરજ દુનિયા ટકી રહી છે, તો એ વાત સાચીજ છે. ધનવાન અથવા વિદ્વાન હોવું તે કોઈ પણ મનુષ્યનું પ્રથમ અને પરમ કર્તવ્ય નથી, પરંતુ સત્યનિષ્ઠ અને ન્યાયશીલ રહેવું એ તો દરેક મનુષ્યનું અનિવાર્ય પરમ કર્તવ્ય છે. પ્રત્યેક કાર્યની શરૂઆત કરતી વખતે આપણે તે સંબંધી સત્યતા અને ન્યાયના સ્વરૂપનો વિચાર કરી લેવો જોઈયે, તે અનુસાર કોઈ નિયમો બનાવી લેવા જોઈએ અને હમેશાં તે નિયમોનું અનુસરણ કરવું જોઈએ. કર્તવ્ય અને સત્ય એક સૂત્રથી બંધાયલા છે જે મનુષ્ય કર્તવ્યપરાયણ હોય છે તે પોતાની સઘળી વાતોમાં તથા સઘળાં કાર્યોમાં સત્યતાનું પણ તેટલુંજ માન અને પાલન કરે છે. મહારાજા હરિશ્ચંદ્ર સત્યપરાયણ હતા, તે ખાતર તેમણે પોતાનું રાજ્ય તજ્યું, પરિવાર છોડયો, ચંડાલનું દાસત્વ સ્વીકાર્યું અને અનેક કષ્ટ વેઠયાં, છતાં પણ સત્યના પાલન ખાતર તેમને જે કર્તવ્ય કર્મ કરવું પડયું તેનાથી તેમણે કદિ પણ મ્હોં સંતાડયું અથવા બગાડયું નથી. જો કર્તવ્યને શરીર માની લઇએ તો સત્યપરાયણતાને તે શરીરના અસ્થિ, મજ્જા સાધુતાને તેનું લોહી, અને સરલતાને તેનું સૌંદર્ય માનવું પડશેજ. કુટુંબ, સમાજ, અથવા દેશનું કોઇ પણ કાર્ય સત્ય વગર થઇ શકતું નથી. વાસ્તવિક પ્રતિષ્ઠા એજ મનુષ્યનું મહાન ઐશ્વર્ય છે. તેના જેવી બીજી એક પણ સંપત્તિ નથી. જો કે એમ તો ન કહી શકાય કે તેની સહાયતાથી સંસારનાં સર્વ પદાર્થો પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ એટલું તો નિ:સંદેહ છે કે તેની સહાયતાથી જે કાંઈ મળી શકે છે તેનું તથા તેની પ્રતિષ્ઠાનું મૂલ્ય અને મહત્વ ઘણુંજ વધારે છે અને તે વાસ્તવિક પ્રતિષ્ઠા પણ માત્ર સત્યતાની સહાયતાથીજ પ્રાપ્ત કરી શકાય છે. સદાચરણથી મનુષ્યને સૌથી મોટો લાભ એ થાય છે કે સમાજમાં તેની પ્રતિષ્ઠા ઘણીજ વધે છે અને લોકોના હૃદયમાં તેને માટે અતિશય માન ઉત્પન્ન થાય છે. જો અપ્રમાણિકપણે પ્રાપ્ત કરેલ દ્રવ્યને લઇને અથવા ખુશામતથી પ્રાપ્ત કરેલ પદવીને લઈને કોઇ મનુષ્યની પ્રતિષ્ઠા બહુજ વધી ગઇ હોય છે તો તે પ્રતિષ્ઠા કશા કામની નથી; આપણે તેને કદિપણ વાસ્તવિક પ્રતિષ્ઠા કહી શકતા નથી. વાસ્તવિક પ્રતિષ્ઠા તો એજ છે કે જેનું કારણ અનીતિયુકત ન હોય; અને જે સત્ય તથા ન્યાયના આધાર ઉપરજ સ્થિત થયેલ હોય.

એક બીજી વાત ધ્યાનમાં રાખવા જેવી એ છે કે સદાચારી બનવા માટે કેવળ સત્યનિષ્ઠા અને ન્યાયપરાયણતાજ યથેષ્ટ નથી; આપણામાં સત્ય અને ન્યાય પ્રત્યે નિષ્ઠાજ હોવી જોઇએ એટલુંજ નહિ પણ તદનુસાર કાર્ય કરવાનું સાહસ તથા બળ પણ હોવાં જોઇએ. આપણે એવું આચરણ કરવું જોઈએ કે જેની અંદર સદ્દભાવ હોય. આપણાં હૃદયમાં હમેશાં કોઈ સત્કાર્ય કરવાની ઇચ્છા હોવી જોઇએ અને તે સત્કાર્યને આપણું લક્ષ્ય અને ઉદ્દેશ બનાવીને આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્ત્તવ્ય-ક્ષેત્રમાં ઉતરી પડવું જોઇએ. ઘણા લોકો પરમ સત્યનિષ્ઠ હોય છે, પરંતુ તેઓ ઉદ્દેશ્ય અને કર્ત્તવ્યના અભાવને લઈને સંસારમાં એક પણ એવું કાર્ય નથી કરી શકતા કે જેને આપણે આદર્શરૂપ કહી શકીએ અને જેનાથી લોકોને અનુકરણ કરવાનું ઉત્તેજન મળે. સત્યનિષ્ઠ થવાથી આપણે માત્ર એટલુંજ કરી શકીએ છીએ કે કોઇ ખરાબ કાર્ય ન કરીએ; પરંતુ સારૂં કાર્ય કરવા માટે તો કર્ત્તવ્ય-પરાયણ થવાની આવશ્યકતા છે. જ્યાંસુધી મનુષ્ય હમેશાં સત્કાર્ય કરતો નથી ત્યાંસુધી તેનો સદાચાર સ્થિર થઇ શકતો નથી. જે લોકો સંસારનું તથા માનવજાતિનું કલ્યાણ કરવા ઇચ્છતા હોય તેઓએ હમેશાં સત્કાર્યો કરતાં રહેવું જોઇએ.

આજકાલ લોકોમાં પ્રાયે કરીને વિદ્વત્તા અને બુદ્ધિમત્તાની કશી ન્યૂનતા નથી, પરંતુ શું કેવળ એ વસ્તુઓથી મનુષ્ય સંસારમાં મહત્વ અથવા આદર પ્રાપ્ત કરી શકે છે? તેજ માણસ બુદ્ધિમાન, વિદ્વાન અથવા શ્રેષ્ઠ કહી શકાય કે જેનામાં સત્ય-નિષ્ઠાની સાથોસાથ સત્કાર્ય કરવાની પ્રબળ ઇચ્છા પણ હોય છે અને યથાસાધ્ય તે પોતાની ઉક્ત ઇચ્છાની પૂર્તિ કરવાનો પણ પ્રયત્ન કરે છે. ગોસ્વામી તુલસીદાસ, મહારાજા શિવાજી, જસ્ટીસ રાનડે, વિગેરે મહાપુરૂષો શું માત્ર પોતાની વિદ્વત્તા અથવા બુદ્ધિમત્તાને લઇનેજ આટલી બધી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકયા છે? કદિ નહિ. તેઓની પ્રતિષ્ઠાનું મુખ્ય કારણ તો એ હતું કે તેઓ પરહિતાર્થે સત્કાર્યો કરતા હતા. માર્ટીન લ્યુથરનો રાજાઓ કરતાં પણ અધિક આદર તેનાં સત્કાર્યને લઇનેજ થયો હતો. સત્ય, ન્યાય, અને પરોપકારને ધ્યાનમાં રાખીને જે મનુષ્ય કર્ત્તવ્યક્ષેત્રમાં ઉતરી પડે છે તેજ મહાપુરૂષ કહેવાય છે અને સંસારમાં સર્વત્ર પૂજાય છે. સઘળા લોકો તેના ઉપર વિશ્વાસ રાખે છે અને તેણે નિર્દિષ્ટ કરેલા માર્ગનું અનુકરણ કરે છે. કેમકે તે જે કાંઇ કહેશે તેજ તે કરશે અને તે જે કાંઇ કરશે તે ઉચિત અને ન્યાય્યજ કરશે. સંસારમાં જેટલો આદર સદાચાર અને સત્કાર્યનો થાય છે તેટલો વિદ્યા અને બુદ્ધિનો કદિપણ નથી થતો. સત્કર્મ કરનાર અને સદાચારી મનુષ્યજ સૌથી અધિક બુદ્ધિમાન ગણાય છે. દુરાચારી અને કુકર્મી મનુષ્યની બુદ્ધિ ગમે તેટલી તીવ્ર હશે, તોપણ તેને કોઇ બુદ્ધિમાન કહેતું નથી. આર્થિક દૃષ્ટિએ કદાચ સદાચારી મનુષ્યની ઉન્નતિ એક વિદ્વાનની જેટલી ન થયેલી હોય, તોપણ એટલું તો નિઃસંદેહ છે કે તેના ગુણોનો વિકાસ થયા વિના રહેતો નથી. બનવાજોગ છે કે થોડો સમય લોકો તેની દરિદ્રતા અને હીનાવસ્થા આદિને લઇને તેની વાસ્તવિક યોગ્યતા ન સમજે, પરંતુ એક વખત તેના ગુણોનો વિકાસ અવશ્ય થશેજ. અને તે ગુણ વિકાસજ તેનું દ્રવ્ય પણ છે અને લોકોને સદાચારી બનાવવામાં સાધનભૂત પણ તેજ છે.

સદાચારી મનુષ્ય પોતાના સદાચારને બીજાની વિદ્યા, બુદ્ધિ અને ખોટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિષ્ઠા વિગેરે કરતાં કંઇક વધારે માને છે, અને વાસ્તવિક રીતે તેનું એવું માનવું વ્યાજબી છે. એક વખત એક વકીલે એપીકટેટ્સ નામના પ્રસિદ્ધ વિદ્વાન પાસે જઇને તેના સિદ્ધાંતની કેટલીક વાતો જાણવા ઇચ્છયું. એપિકટેટ્સ સમજી ગયો કે તે મને સદ્ભાવથી નથી પૂછતો, તેથી તેણે કહ્યું " તમે મારા સિદ્ધાંતો ઉપર કેવળ ટીકા કરશો, તમે તેનું વાસ્તવિક તાત્પર્ય જાણવા માગતા નથી, તેટલા માટે તમને મારા સિદ્ધાંતો ન જણાવવા એજ સારૂં છે. " તે ઉપરથી વકીલે કહ્યું " જો હું આપના સિદ્ધાંતો પ્રમાણે ચાલવા લાગું તો હું પણ આપના જેવો ગરીબ નહિ થઇ જઉં ? તોપછી મને આટલા મોજશોખ, ધનદોલત, ગાડીઘોડા કેવીરીતે પ્રાપ્ત થશે ? " એપિકટેટ્સે જવાબમાં કહ્યું " મને તો એ સર્વ વસ્તુઓની જરૂરજ નથી. સાચું પૂછો તો મારાથી વધારે દરિદ્ર તમેજ છો, તમને બીજાની કૃપાની ચિંતા રહે છે, પરંતુ હું કોઇની પણ પરવા નથી કરતો. એટલા માટે હું તમારાથી અધિક સંપન્ન છું, મારા વિષે લોકો શું કહેતા હશે તેની મને લેશ પણ ચિંતા નથી રહેતી. અને હું કદિ પણ કોઇની ખુશામત કરતો નથી. એજ મારી ખરી સંપત્તિ છે. તમારી પાસે સંપત્તિ છે, પરંતુ તમારા લોભને લઇને તે હોય કે ન હોય એ સરખું છે. મારૂં મનજ મારૂં રાજ્ય છે. તત્વવિચારણામાં મારો સમય ઘણી સારી રીતે પસાર થાય છે. તમને તમારૂં ઐશ્વર્ય ઓછું લાગે છે. મને મારૂં ઐશ્વર્ય ઘણું વધારે લાગે છે. તમે અસંતુષ્ટ રહો છો અને હું સંતુષ્ટ રહું છું."

રાજર્ષિ ભર્તૃહરિએ પણ કહ્યું છેઃ—

वयमिह परितुष्टा वल्कलैस्त्वं दुकूलैः सम इह परितोषो निर्विशेषो विशेषः ।
स तु भवति दरिद्रो यस्य तृष्णा विशाला मनसि हि परितुष्टे कोऽर्थवान् को दरिद्रः ॥

ઇંગ્લાંડના પ્રસિદ્ધ વક્તા શેરિડનીની પણ એક વાત પણ જાણવા યોગ્ય છે. તે બહુજ વ્યસની તથા અવ્યવસ્થિત હતો. અને તેને લઇનેજ તેની યોગ્યતા અને પ્રતિષ્ઠા ઘણી વધી શકી ન હોતી. એક દિવસે તેનો એક નોકર પોતાનો પગાર માગવા આવ્યો; તેને શેરીડને જરા ગુસ્સે થઇને કહ્યું " શું પગાર ભાગી જાય છે ? " તે ઉપરથી નોકરે જવાબ આપ્યો " સાહેબ, હું જાણું છું કે પગાર ભાગી જવાનો નથી. પણ આપની અને મારી વચ્ચે જે અંતર છે તે હું ઘણી સારી રીતે સમજું છું. કુલ અને વિદ્યામાં આપ મારાથી શ્રેષ્ઠ છો એ ખરૂં, પરંતુ વ્યવહાર ' લેણદેણ અને સ્વભાવ વિગેરેમાં હું આપનાથી શ્રેષ્ઠ છું. " નોકરનું કહેવું તદ્દન સાચું જ હતું. માલીકને તો લોકોને યથાસમય રૂપિયા ચુકવવાની ચિંતા જ ન હતી અને તેને પોતાની વાતનું જ ધ્યાન રહેતું નહોતું; પરંતુ નોકરમાં એવું નહોતું. તે સાચો અને પોતાની વાતમાં પક્કો હતો.

અનેક નાની મોટી એવી બાબતો છે કે જેના સંયોગથી મનુષ્યના સદાચા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રનું સંગઠન થાય છે. મોટા ધનવાન્ અથવા પરાક્રમી બનીને લોકોની વાહવાહ લુંટવી એ આપણા અધિકારની વાત નથી, પરંતુ આપણામાં સદ્દભાવો અને સદ્દવાસનાઓની સૃષ્ટિ રચીને તે અનુસાર ચાલવું એ આપણા હાથની જ વાત છે. એ માટે કોઈ બાહ્ય સાધનોની આવશ્યકતા નથી, તેથી એ આપણેજ આધીન છે. જો કે મનુષ્યની વૃત્તિઓ અને વ્યવહાર વિગેરે ઉપર બહારનાં સાધનો અને પ્રસંગોનો થોડો ઘણો પ્રભાવ પડે છે, તો પણ આત્મનિષ્ટ મનુષ્યને માટે તે પ્રભાવથી બચીને ઠેકાણે આવી જવું સહજ છે. જેટલાં નાનાં મોટાં કાર્યો અથવા વિચારો વગેરે હોય છે તે સર્વની આપણી વૃત્તિ ઉપર થોડી છાયા પડે છે અને એ છાયાનુસાર મનુષ્યનું ભવિષ્ય સુધરે છે વા બગડે છે. આપણે સારા માણસોની સાથે રહીએ અને સારાં કાર્યો કરીએ તો આપણે સદાચારી બની શકીએ છીએ. તેનાથી વિપરીત આચરણ આપણને દુરાચારી બનાવે છે. એ બેમાંથી કોઇ એક માર્ગનું અવલંબન કરવું એ આપણા અધિકારમાં છે. ગીતાજીમાં પણ કહ્યું છે કે—

"आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ।"

(ચાલુ)

# ॥ પ્રકીર્ણ ॥

જૈન મુનિરાજાઓએ રેંટીયો કાંતવો જોઈએ ? એ વિષય ઉપર પેપરોમાં ઘણીજ ચર્ચા ચાલી રહી છે. જેમાં મુખ્ય પાઠ મહાશય ચરણદાસે સારો ભજવી સાધુ મુનિરાજોની અવગણના કરવામાં બાકી રાખી નથી. હજી તો સ્વરાજ્યના હિમાયતી અને દેશના મુખ્ય નાયકોમાં (સંસારીઓમાંજ) રેંટીયો ચલાવવાથી સ્વરાજ્ય મળે કે કેમ તેમાં પણ મતભેદ છે. ત્યાં સંસારનો સર્વથા ત્યાગ કરનાર ત્યાગી મુનિમહારાજાઓ જેમનું કર્તવ્ય અને વીતરાગ દેવનું ફરમાન વીસ વસા (એકેન્દ્રીય કાયજીવો સહિતની) દયા પાળવાનું છે ત્યાં રેંટીયો મુનિશ્રીઓ કાંતી વાયુકાયની પણ વિરાધના કેમ કરી શકે? વળી રેંટીયો કાંતવાનું કાર્ય સાધુ કરે તો આત્મજ્ઞાન છોડી અન્ય પ્રવૃત્તિમાં પડતા સંસારી જંજાળ પણ વધે. તેઓશ્રી પૈસા મેળવી સ્વદેહ પોષણ કરવાનું કાર્ય કરે તો સાધુપદની અવનતિ પણ થાય. મુનિરાજો ત્યાગી મહાત્મા હોવાથી અત્યારના ચાલતા જમાનામાં તો ધર્મોપદેશ આપી ધર્મ–નીતિના તત્ત્વો પ્રાણીમાત્રમાં ફેલાવવા, જ્ઞાનદાન આપવું, જૈનધર્મનું સાહિત્ય ફેલાવવાના ઉપદેશ દ્વારા પ્રયત્ન કરવાનું અને વધારામાં સાધુધર્મને ઉચિત અનેક શાસન સેવા કરવાનું છે; જેથી રેંટીયાની જંજાળમાં પડવાનું સર્વથા અયોગ્ય છે. આવી નકામી ચર્ચાઓમાં ઉતરતાં જૈનેતર પ્રજામાં હાંસીપાત્ર થવું યોગ્ય નથી.

I. A.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

ખાનગાહ—ડોંગરા જીલ્લા શેખુપુરા પંજાબમાં અત્યાર સુધી કોઇ મુનિ મહારાજનું ચાતુર્માસ નહોતું થયું. આ સાલ શ્રીમદ્ વિજયાનંદ સૂરિ મહારાજના પ્રશિષ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરિજીના શિષ્ય પંન્યાસજી શ્રી વિદ્યાવિજયજી મહારાજ તથા મુનિ શ્રી વિચારવિજયજી મહારાજનું ચાતુર્માસ થયેલ છે. તેઓશ્રીના ઉપદેશથી દેરાસર બનાવવા માટે એક મકાન ખરીદવામાં આવ્યું છે. આ સાલ પર્યુષણ પર્વ બહુજ આનંદથી પસાર થયા છે. ધર્મકરણી વિગેરે સારી રીતે થયેલ છે. સુપન વગેરેની ઉપજ માત્ર આઠ ઘર છતાં રૂા. ૨૪૦૦) ની થઇ છે. સંવત્સરી પર્વના રોજ કસાઇઓની દુકાનો બંધ રાખવામાં આવેલ હતી. અહિં એક મૂર્તિ શ્રી પાર્શ્વનાથ મહારાજની પન્નારત્નની છે કે જેવી આખા હિંદુસ્તાનમાં નથી. પૂજા, પ્રભાવના વગેરે સમયાનુસાર ઠીક થયા હતા.

# સમાલોચના અને સ્વિકાર.

**જૈન કાવ્ય પ્રવેશ**—લેખક માવજી દામજી શાહ. કિંમત ચાર આના. આ બુકમાં કયા સ્તવનો કયાં બોલી શકાય તે વિવેકપુરઃસર બતાવેલ છે. પ્રયાસ યોગ્ય કર્યો છે. મળવાનું ઠેકાણું મુંબઇ કાલબાદેવી જૈન હાઇસ્કુલ પ્રકાશકને ત્યાંથી.

**જૈન યુગ માસિક**—શ્રી મુંબઇ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ તરફથી આ નામનું માસિક હાલ પ્રકટ થયેલ છે. આપણી કોન્ફરન્સ તરફથી આવા માસિકની તે દ્વારા કોન્ફરન્સના ઉપયોગીપણા માટે–તેના તરફથી જૈન સમાજને સુચના કરવા માટે અને તેની કાર્યવાહીનું દિગ્દર્શન કરાવવા માટે જરૂર હતી. આ અંકમાં ૧૪ લેખો આપેલા છે, જેમાં કેટલાક ખાસ વાંચવા જેવા છે; તંત્રી ભાઇ મોહનલાલ દલીચંદ લેખક, અનુભવી અને ઉત્સાહી હોવાથી સમાજને ભવિષ્યમાં સારો લાભ મળવા સંભવ છે. લવાજમ બે રૂપીયા યોગ્ય છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

**શ્રી જીવરક્ષા જ્ઞાન પ્રચારક મંડલી** હૈદરાબાદ ( દક્ષીણ )—નો નવમો વાર્ષિક રીપોર્ટ અમોને મળ્યો છે. તે વાંચતાં તેનાં કાર્યો અને વૃત્તાંત ( તે સાથે આવેલ લેખ ) બે ભાષામાં આપેલ છે. જે વાંચતા દયા ઉત્પન્ન કરે તેવો છે, સાથે આપેલ ૧૪ છબીયો ( દશ્યો ) જોતાં કતલ થતાં જનાવરોની રક્ષા માટે, કરવામાં આવતાં પ્રયત્ન માટે આ સંસ્થાને ધન્યવાદ આપવો પડે છે. સાથે તેને દરેક પ્રકારની મદદ આપવા હૃદય પ્રેરણા કરે છે. આ રીપોર્ટ અને સાથેની હકીકતની બુક બંને વાંચવાની જરૂર છે. પ્રકાશક શેઠ લાલજી મેઘજીનો શુભ પ્રયત્ન છે.

આ બુકમાં ઉપદેશદ્વારા જીવદયાના માટે પ્રયત્ન કરનાર મુનિમહારાજો તથા ઉદાર ગૃહસ્થોનાં ફોટા આપેલ છે. ઉપજ ખર્ચનો હિસાબ ચોખવટવાળો છે. આ મંડલીના કાર્યવાહકો જે ભોગ આપે છે તે માટે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી સુરસુંદરી ચરિત્ર—શ્રીમાન્ ધનેશ્વર** મુનિ વિરચિત. આ આદર્શ સતી ચરિત્રના અનુવાદક **આચાર્ય શ્રીમદ્ અજીતસાગરજીસૂરિ** મહારાજ છે. આ ચરિત્રની રસિકતા અને સુંદરતા એટલી બધી છે કે વાચકના હૃદયમાં તે ધર્મની સંસ્કૃતિ થયા સિવાય રહેતી નથી, એટલું જ નહિં પરંતુ ગ્રંથકાર મહારાજે તેમાં જણાવેલ રાગરૂપી અગ્નિ અને દ્વેષરૂપી ભુજંગને શાંત કરવામાં આ કથા જળ અને મંત્રની આપેલ ઉપમા યથાયોગ્ય છે. આ ગ્રંથના મૂળ કર્તા શ્રી ધનેશ્વર મુનિએ માગધી ભાષામાં જે સુંદર રચના કરી છે તેનો આ અનુવાદ પણ વિદ્વદ્ રત્ન આચાર્ય મહારાજ શ્રી **અજિતસાગરજી** મહારાજે સુંદર-સરલ રસિક અને ભાવવાહી ગુજરાતી ભાષામાં યથાસ્થિત વિદ્વતાપૂર્ણ કરેલ છે. આવા અનુકરણીય ઉત્તમ ચરિત્રોનો ગુજરાતીમાં અનુવાદ એક વિદ્વાન મુનિ મહારાજને હાથે થાય તે આવકારદાયક અને પઠન પાઠન માટે ઉપયોગી બને તે સ્વાભાવિક છે.

એકંદર રીતે આ અનુવાદ જેમ સુંદર અને આકર્ષક છે, તેમ અનુવાદક મહાત્માએ તેની આ ગ્રંથની શરૂઆતમાં ૬૨ પાનામાં લખેલી વિસ્તારપૂર્વક અને વિદ્વતાપૂર્ણ પ્રસ્તાવના પણ ખાસ વાંચવા જેવી અને ગ્રંથના અનુવાદની ઉત્તમતા બતાવનારી છે. તે પ્રસ્તાવનામાં આ ગ્રંથના કર્તા શ્રી ધનેશ્વરમુનિજીનું ઇતિહાસિક દૃષ્ટિએ આપેલ વૃત્તાંત તેમજ તેમના કાવ્યની પ્રતિભાનું યથાસ્થિત અને અસરકારક રીતે અનુવાદક મહાત્માએ બતાવેલ હકીકત ખાસ મનનીય છે. એકંદરે આ ગ્રંથ મનુષ્યને ધર્મનો સંસ્કારી બનાવવા સાથે તેનો મુખ્ય ઉદ્દેશ રાગ દ્વેષનો ત્યાગ કરાવવામાં રહેલો છે, તેમજ જણાવેલ છે તે પ્રમાણે તે મનનપૂર્વક વાંચનારને ત્યાગ કરાવનાર અથવા તો છેવટે રાગદ્વેષ પાતળા કરાવી ક્રમે ક્રમે સંપૂર્ણ આત્મકલ્યાણ કરાવનાર છે, એમ આ ગ્રંથ વાંચતા જણાય છે. આત્મઅર્થી કોઇપણ મનુષ્યને માટે આ ચરિત્રગ્રંથ ઉપકારક અને આવશ્યક હોઇ ખાસ વાંચવા યોગ્ય છે. મનુષ્ય ગણના ઉપકાર માટે પરિશ્રમ લઇ આ અનુવાદના કર્તા આચાર્ય શ્રી અજિતસાગરજી મહારાજે ખરેખર જનસમાજ ઉપર ઉપકાર કર્યો છે. ગ્રંથનો અનુવાદ જેમ સુંદર બન્યો છે તેમજ તેની બાહ્ય સુંદરતા-કાગળ ટાઇપ તથા સરસ બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. જૈનોના ત્રણે ફીરકાઓના જિજ્ઞાસુઓએ સાત આના ટપાલ ખર્ચના મોકલવાથી નીચેના સ્થળેથી ભેટ મળશે.

શ્રી અજિતસાગરસૂરિ શાસ્ત્ર સંગ્રહ શા. શામળદાસ તુળજારામ પ્રાંતીજ.

## શ્રી વિજયધર્મ પ્રકાશક સભાનો બીજો વાર્ષિક રિપોર્ટ.

ગુરૂ ભક્તિ નિમિત્તે આ સભા બે વર્ષ થયાં સ્થાપન થયેલ છે. વક્તૃત્વકળા અને લેખન-કળા ખીલવવા અને જૈન કોમની યથાશક્તિ સેવા કરવાનો વગેરે તેમણે ઉદ્દેશ રાખેલ છે. જે પ્રમાણે તે બે વર્ષ થયા કાર્ય કરે છે. આ વર્ષે ચાર દિવસ સુધી ગુરૂભક્તિ, ઇનામી મેળાવડો, અને વર્ષગાંઠ ઉજવવા નિમિત્તે મેળાવડા કર્યા હતા. ઉદ્દેશ પ્રમાણે શાંતિપૂર્વક હાલ તેમનું કાર્ય થતું જોવામાં આવે છે. મેમ્બરો જૈન અને જૈનેતર હોવા છતાં ઉત્સાહી અને સંપીલા છે. અમો તેમની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવિધ-વિચારમાલા-સ્મારક અંક**—અમોને મળ્યો છે. ગુરૂભક્તિ નિમિત્તે પ્રગટ થતા આ પત્રનો સ્મારક અંક જુદા જુદા વિદ્વાન લેખકોથી લખાયેલ ઉપયોગી લેખોથી ભરપુર છે જે વાંચવા જેવા છે. મુખ પૃષ્ઠ ઉપર પણ ગુરૂવર્ય અને તેઓશ્રીના વિદ્દદ્રત્ન શિષ્યોની છબી આપી તેની સુંદરતામાં વૃદ્ધિ કરી છે. આ અમો તેની આબાદિ ઇચ્છીયે છીયે.

**પહેલી ગુજરાતી પત્રકાર પરિષદ**—( અમદાવાદ ૧૯૨૪ ) નો પ્રથમ રિપોર્ટ અમોને મળ્યો છે, પત્રકારોને મુશ્કેલ અને વિષમ સંજોગોમાં જે કાર્ય કરવાનું હોય છે, અને તેઓનાં સાધનો કેટલાં ઓછાં, અધુરાં છે અને કેવી જવાબદારીઓમાંથી પસાર થવાનું હોય છે વગેરે સ્થિતિમાંથી પસાર થઇ પગભર થવા માટેના હેતુ સાથે, જાત તૈયારી અને જાત સુધારણા સાધવા સાથે, પરસ્પર મિત્રભાવ અને ભાઇચારો વધારવો તે ઉદ્દેશથી આ પરિષદ ભરવામાં આવેલી હતી. આવી પરિષદ્‌ની આવશ્યકતા હતી તે ઉત્સાહપૂર્વક ભરાઇ છે છતાં ભવિષ્યમાં તેને ટકાવી રાખવા, ઉદ્દેશ પાર પાડવા અને દિવસાનુદિવસ તેની પ્રગતિ કરવા પ્રયત્નો કરવા ખાસ જરૂર છે. આ રિપોર્ટમાં પરિષદ્‌ના પ્રમુખ કે જેણે લાંબી મુદત સુધી પત્રકારનો ધંધો કરી સેવા બજાવેલ એવા અનુભવી પ્રમુખ શેઠ મેહરજીભાઇનું ભાષણ ખાસ મનનીય છે. સિવાય બીજા વિદ્વાન બંધુઓ કાલેલકર સાહેબ વિગેરેના લેખો પણ ઉપયોગી હોઇ આખો રિપોર્ટ વાંચવા જેવો છે. ભવિષ્યમાં કાર્યવાહી આગળ ચલાવવા માટે રા. હીરાલાલ ત્રી પારેખ તથા ચીમનલાલ એમ. મોદીને સેક્રેટરીઓ અને બીજાપત્રોના તંત્રીઓની એક કમિટી આ પરિષદ માટે નિમવામાં આવી છે. સાથે પત્રોનું પ્રદર્શન પણ જોવા અને જાણવા લાયક તથા ખેંચાણકારક હતું. અમો આ પરિષદની નિરંતર આબાદી ઇચ્છીયે છીયે. આ પરિષદના બાહોશ તંત્રીઓ ઉત્સાહી હોવાથી ભવિષ્યમાં તેનું કાર્ય ઉત્તમ રીતે ચાલશે એમ અમો માનીયે છીયે.

**શ્રી જૈન યુવક મંડલ ભાવનગર સં. ૧૯૮ ની સાલનો રિપોર્ટ**—જૈન બાળકોની કેળવણીના ઉત્તેજન અર્થે ભવિષ્યમાં વિશેષ પ્રયાસ કરવાની યોજના જણાવેલ છે. સાથે ઉપજ ખર્ચનો હિસાબ પણ આપવામાં આવેલ છે.

**જયંતી**—સ્વ૦ શ્રીમદ્ આચાર્ય મહારાજશ્રી **વિજયકમળસૂરિશ્વરજી** મહારાજશ્રીની સ્વર્ગવાસ તીથિ આશો શુકલ ૧૦ રવીવારના રોજ હોવાથી શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી તેઓશ્રીની જયંતિ ઉજવવામાં આવી હતી. સવારે શ્રી પંચતિર્થની પૂજા ભણાવવામાં આવી હતી અને બપોરે સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


જલદી મંગાવો ! થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો !

## શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી નેમનાથ ભગવાન તથા સતી રાજેમતીનું નવ ભવનું અપૂર્વ ચરિત્ર, સાથે જૈન મહાભારત–પાંડવ કૌરવનું વર્ણન, અતુલ પુણ્યવાન શ્રી વસુદેવ રાજાના અદ્દભૂત વૈભવની વિસ્તાર પૂર્વક કથા, મહાપુરૂષ નળરાજા અને મહાસતી દમયંતીનું અદ્દભૂત જીવન વૃત્તાંત, તે સિવાય પ્રભુના પાંચ કલ્યાણકો, પરિવાર વર્ણન અને બીજી અનેક પુણ્યશાળી જનોના ચરિત્રથી ભરપૂર સુંદર ટાઇપ, સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ છે. વાંચતાં આલ્હાદ ઉત્પન્ન થાય છે. કિંમત રૂા. ૨–૦–૦ પોસ્ટેજ જુદું.

જલદી મંગાવો ! નહીં તો તક ખોશો ! જલદી મંગાવો !

## શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (ભાષાંતર).

### ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

(અનુવાદક:—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી.)

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભકિતનું વિસ્તારપૂર્વક વર્ણન શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્યજીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ અને શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે, આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા–સ્વભાવનું વિવેચન, અદ્દભૂત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચાર વિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા. ૪–૮–૦ પોસ્ટ ખર્ચ જુદો.

### અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ જૈન ઐતિહાસિક ગુર્જર રાસ સંગ્રહ
૨ ષટ્સ્થાનક સટીક.
૩ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૪ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૫ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૬ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૭ લિંગાનુશાસનસ્વોપજ્ઞ (ટીકા સાથે)
૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય.
૯ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૦ ધર્મરત્ન પ્રકરણ ભાષાંતર.
૧૧ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર
ચૈત્યવંદન મહાભાષ્ય ભાષાંતર.
૧૩ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)
૧૪ પ્રભાવક ચરિત્ર ભાષાંતર.
૧૫ શ્રી કુમારપાળ પ્રતિબોધ અનેક ઉપદેશક કથાઓ સહિત.
૧૬ આચારોપદેશ. મૂળ તથા ભાષાંતર સાથે.
૧૭ કાવ્યસુધાકર (શ્રીઅજીતકાવ્ય કિરણાવળી) નંબર ૯–૧૦–૧૧–૧૨–૧૩–૧૪ ગ્રંથમાં મદદની અપેક્ષા છે.
૧૮ પંચ પ્રતિક્રમણ સૂત્ર. (શાસ્ત્રી) સામાન્ય અર્થ, ભાવાર્થ, વિશેષાર્થ અને કેટલીક બીજી નવીન હકીકતો સાથે અભ્યાસીઓને જાણવા માટે જૈન પાઠશાળામાં ખાસ ચલાવવા યોગ્ય.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખરૂં ચેતન.

"ખરૂં ચેતન અને તજ્જન્ય શક્તિ સંપૂર્ણ વિકાસ પામેલા મનુષ્ય શરીરમાં આવે છે. તે નૈસર્ગિક જ્ઞાન અને ઉચ્ચ ભાવનાની ઉત્પાદક બને છે. જ્યારે શક્તિહીન વાળા મનુષ્યમાં એવા નૈસર્ગિક જ્ઞાન અને ઉચ્ચ ભાવનાનું પ્રમાણ બહુજ ઓછું આવે છે. શારીરિક સ્થિતિ અને ચેતનાને નજર આગળ રાખી વિચાર કરીએ તે મોટી ઉમરના મનુષ્યોનાં શરીરો અવિકસિત જ દેખાય છે. આવો શરીરવિકાસનો તે માનવદેહની અપકવતા જ સુચવે છે. અને એવી અપકવતા મનુષ્યનું વ્યક્તિ રીતે પ્રકાશિત કરવામાં આડી આવે છે. આથી સહજ સમજાશે કે મનુષ્યજીવનનં તાનો ખરો આધાર સંપૂર્ણ શારીરિક વિકાસ ઉપર જ અવલંબી રહે છે ચ શારીરિક વિકાસ પ્રાપ્ત કરવા અને પ્રાપ્ત વિકાસને સુસ્થિર રાખવા સાચા ચ પ્રયત્નો કરવા એ પ્રાણીમાત્રની પવિત્ર ફરજ છે. ટુંકામાં આપણું શરીર સશ' દ ર, સુઘટિત અને સુંદર બનાવવું એ આપણું પ્રથમ કર્તવ્ય છે.

"ઘણા મનુષ્યો અર્ધજીવિત અને અર્ધમૃત જીંદગી ગુજારે છે. શારીરિક અભાવે તેઓનાં શરીર સુકાં અને મ્હોં નિસ્તેજ દેખાય છે. મનુષ્યશરીરની વિક ઉપર જે શકિતનો આધાર છે તે શકિત એવા વિકાસના અભાવે તેઓમાં જોવામ નથી. શરીરમાં રહેલી અનેકવિધ શકિતઓનો નિયમિત અને સતત ઉપયો સંપૂર્ણ વિકાસ અર્થે અતિ આવશ્યક છે. એ વાત તેવા મનુષ્યોના મનપર બરોબ જોઇએ. શરીરનો દરેક અવયવ બરાબર વિકસેલો હોય છે ત્યારેજ મનુષ્ય શરી દર્શન કરાવે છે. હરેક સ્નાયુમાં થનથનાટ કરી રહેલું ચેતન મનુષ્યની કલ ઉચ્ચાકાશમાં ઉડાડે છે, મનુષ્યમાં હિંમત અને સામર્થ્ય રેડે છે, જીંદગીની અશ શકયતામાં ફેરવી નાંખે છે અને અનેક મહેચ્છાઓને જગાડે છે. ગમે તેવું ભારે દૈનિક કામ પણ એવા ચેતનવાળા મનુષ્યને મન માત્ર રમત જ દેખાય છે. આલસ્ય એના શત્રુ છે, એવો મનુષ્ય પોતાના હરહમેશના કામકાજમાં આનંદ અને રસ અને જ્યાં આનંદ અને રસ આવ્યો ત્યાં કાર્યની સફલતાજ સમજવી. એવો મનુ માન જ રહે છે અને હમેશાં પોતાની શરીરમાત્રમાં ચોક્કસ પગલાં આગળ વધ્યે જ

"શરીર વિકાસ" માં

For Private And Personal Use Only